સમાજનો વિવેકપૂર્ણ દ્રષ્ટિકોણ • M. : 98256 08744 • E-mail : capitalkranti@gmail.com • web : capitalkranti.co.in RNI No. 54922/93



કેપિટલ ક્રાંતિ

(CAPITAL KRANTI - DAILY - GANDHINAGAR) દૈનિક (ગાંધીનગર)

• વર્ષ : ૩૪ • અંક : ૨૭૧ • તારીખ : ૨૨-૧૦-૨૦૨૯, ગુરુવાર • કિંમત : ૫૦ પૈસા • તંત્રી : પાર્થ એમ. ઠક્કર • બ્યુરો ચીફ : બિજેન કાપડીયા (અમદાવાદ) • મેનેજીંગ તંત્રી : સુરેશ ચંડી

રાષ્ટ્રીય એકતા દિવસની તૈયારી

ગોવિંદ મોહને એકતાનગરમાં રાષ્ટ્રીય એકતા દિવસની તૈયારીઓ ચકાસી

૩૦ અને ૩૧ ઑક્ટોબર, ૨૦૨૬ના કાર્યક્રમનાં સ્થળોની મુલાકાત બાદ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે તા. ૩૦ અને ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે કેન્દ્રીય ગૃહ સચિવશ્રી ગોવિંદ મોહને એકતાનગરની મુલાકાત લઈ વિવિધ સ્થળોએ ચાલી રહેલી તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજી સમગ્ર આયોજનની વિગતવાર સમીક્ષા પણ કરી હતી.

એકતાનગરના સુરવા હેલિપેડ ખાતે આગમન થતાં ઉચ્ચ અધિકારીઓએ ગોવિંદ મોહનનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તેમણે ઉજવણી માટે તૈયાર કરવામાં આવી રહેલાં વિવિધ સ્થળોની મુલાકાત લઈ કાર્યક્રમનું આયોજન, માળખાકીય સુવિધાઓ અને અન્ય વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી.

ગોવિંદ મોહને સૌપ્રથમ મહાનુભાવોના રોકાણ માટે તૈયાર કરવામાં આવી રહેલા LWE ટેન્ટ્સ/PODS આવાસ સ્થળની મુલાકાત લીધી હતી. ત્યારબાદ તેઓ ટેન્ટ આવાસ સ્થળેથી ટેબ્લો ડોમ પહોંચ્યા હતા, જ્યાં નિર્માણકાર્યોનું નિરીક્ષણ કરી અધિકારીઓ પાસેથી કામગીરીની પ્રગતિ અને આયોજનની વિગતો મેળવી હતી.

તેમણે ટેબ્લો ડોમથી એકતા પથ અને સલામી મંચ સુધીની મુલાકાત લઈ મુખ્ય સમારોહની તૈયારીઓની સમીક્ષા કરી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક આવેલા ભારત પર્વ સ્થળે ચાલી રહેલી તૈયારીઓ અને કાર્યક્રમના આયોજન અંગે પણ વિગતો મેળવી હતી. ત્યારબાદ તેમણે પ્રકાશ પર્વની મુલાકાત લીધી હતી.

તા. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ડેમ વ્યૂ પોઈન્ટ-૧ ખાતે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (NSD) દ્વારા 'આનંદમઠ'નું પ્રસ્તુતીકરણ થવાનું છે. આ કાર્યક્રમને ધ્યાનમાં રાખીને ગોવિંદ મોહને ડેમ વ્યૂ પોઈન્ટ-૧ની મુલાકાત લઈ સ્થળ પરની તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું.

ત્યારબાદ એકતાનગરના વીવીઆઈપી સર્કિટ હાઉસ ખાતે તેમણે સંબંધિત ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી દરમિયાનના કાર્યક્રમો સુચારુ રીતે સંપન્ન થાય અને તૈયારીઓ સમયમર્યાદામાં પૂર્ણ થાય તે બેઠકનો હેતુ હતો.

બેઠકમાં કાર્યક્રમનાં વિવિધ સ્થળોની તૈયારી, મહાનુભાવો માટેની આવાસ વ્યવસ્થા, નિર્માણકાર્યો, ટેબ્લો ડોમ, સલામી મંચ, ભારત પર્વ તથા સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન અંગે ચર્ચા થઈ હતી. તમામ સંબંધિત વિભાગો વચ્ચે સંકલન જાળવી કામગીરી સમયસર પૂર્ણ કરવા જરૂરી સૂચનો પણ આપવામાં આવ્યાં હતાં.

બેઠકમાં ડાયરેક્ટર ઓફ આઈ.બી. શ્રી મહેશ દીક્ષિત, ગુજરાત ચીફ સેક્રેટરી શ્રી એમ.કે.દાસ, DG CRPF શ્રી જ્ઞાનેદ્ર પ્રતાપ, નર્મદા નિગમ તથા સ્ટેચ્યુ ઓફ યુનિટીના ચેરમેનશ્રી મુકેશ પુરી, ADG-SPG શ્રી એસ. સુરેશ, DGP ગુજરાત શ્રી જ્ઞાનેદર સિંઘ મલિક, સ્પેશિયલ ડિરેક્ટર IB શ્રી જગ મોહન અને પ્રિન્સિપાલ સેક્રેટરી હોમ શ્રી સંજીવ કુમાર સહિત ઉચ્ચ કક્ષાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

કેન્દ્રે સામાજિક સહાયતા કાર્યક્રમને પાંચ વર્ષ લંબાવી નવું નામ આપ્યું

દિવ્યાંગ પેન્શન માટે ૪૦ ટકાની પાત્રતા, વયમર્યાદા દૂર અને સહાયના દરમાં વધારો

પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ૧૪ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમને ૫ વર્ષ ચાલુ રાખવાની મંજૂરી આપી છે. ૨૦૨૬-૨૭થી ૨૦૩૦-૩૧ સુધીના સમયગાળા માટે રૂ. ૫૩,૪૨૮ કરોડની જોગવાઈ સાથે મંજૂરી અપાઈ છે. કાર્યક્રમ હવે પ્રધાનમંત્રી સામાજિક સહાયતા યોજના તરીકે ઓળખાશે.

મંજૂરીમાં કાર્યક્રમ અને તેની ઉપ-યોજનાઓનાં નામ બદલવા, દિવ્યાંગતા પેન્શનમાં સુધારો કરવા તથા અન્ય ઉપ-યોજનાઓ હાલના સ્વરૂપે ચાલુ રાખવાનો સમાવેશ થાય છે. વૃદ્ધાવસ્થા પેન્શન, વિધવા પેન્શન અને કૌટુંબિક લાભ યોજનામાં ફેરફાર નહીં થાય. આ યોજનાઓ હવે અનુક્રમે પ્રધાનમંત્રી વૃદ્ધાવસ્થા પેન્શન યોજના, પ્રધાનમંત્રી વિધવા પેન્શન યોજના અને પ્રધાનમંત્રી પરિવાર લાભ યોજના તરીકે ઓળખાશે. દિવ્યાંગતા પેન્શનનું નામ પ્રધાનમંત્રી દિવ્યાંગજન પેન્શન યોજના કરાયું છે.

દિવ્યાંગતા પેન્શન માટે અગાઉ ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા અને ઓછામાં ઓછી ૧૮ વર્ષની વય જરૂરી હતી. હવે ૨૦૧૬ના દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો અંગેના અધિનિયમમાં નિર્ધારિત ૪૦ ટકાની બેન્ચમાર્ક દિવ્યાંગતા પાત્રતાનો આધાર બનશે અને લઘુત્તમ વયની શરત દૂર કરાઈ છે; પાત્રતા જન્મથી લાગુ થશે. ૭૯ વર્ષ સુધીના લાભાર્થીઓ માટે કેન્દ્રીય સહાય મહિને રૂ. ૩૦૦થી વધારી રૂ. ૩૭૫ અને ૮૦ વર્ષ તથા તેથી વધુ વયના લાભાર્થીઓ માટે રૂ. ૫૦૦થી વધારી રૂ. ૬૨૫ કરાઈ છે. આ ઉપ-યોજનાના લાભાર્થીઓની સંખ્યા ૮.૩૩ લાખથી વધીને ૨૭.૪૮ લાખ થશે.

દિવ્યાંગતાનું પ્રમાણપત્ર, કુટુંબ ગરીબી રેખા હેઠળ હોવાની શરત અને રાજ્યના સામાજિક કલ્યાણ વિભાગ મારફતે અરજી કરવાની વ્યવસ્થા યથાવત રહેશે. પાત્રતા, લાભાર્થીઓની સંખ્યા અને સહાયના દરો અંગેની સુધારેલી માર્ગદર્શિકા ૩ મહિનાની અંદર બહાર પાડી અમલમાં મૂકવામાં આવશે.

કાર્યક્રમ ૧૫ ઓગસ્ટ ૧૯૯૫ના રોજ શરૂ થયો હતો અને તે ગ્રામીણ તથા શહેરી વિસ્તારોમાં ગરીબી રેખા હેઠળનાં કુટુંબોને આવરી લે છે. તે કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. વૃદ્ધો, વિધવાઓ અને દિવ્યાંગ વ્યક્તિઓ માટે માસિક પેન્શન ઉપરાંત કુટુંબના મુખ્ય કમાઉ સભ્યના મૃત્યુ પર એક વખતનો લાભ આપવામાં આવે છે. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો યોજનાઓનો અમલ કરે છે; લાભાર્થીઓને ઓળખવામાં ગ્રામ પંચાયતો અને નગરપાલિકાઓ પણ ભાગ લે છે તથા ચુકવણી મોટેભાગે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા થાય છે.

આ કાર્યક્રમ ૨૦૨૫-૨૬માં આશરે ૩.૦૯ કરોડ લાભાર્થીઓને આવરી લેતો હતો. ૧૪ ઓક્ટોબર ૨૦૨૬ની મંજૂરીથી તમામ ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કવરેજ વધીને ૩.૨૦ કરોડ લાભાર્થીઓ સુધી પહોંચશે.

કર્નાલના તરાવડીથી દેશવ્યાપી ઝુંબેશની શરૂઆત

શિવરાજ સિંહ ચૌહાણે રાષ્ટ્રવ્યાપી 'ખેત બચાવો અભિયાન'નો પ્રારંભ કરાવ્યો

રાસાયણિક ખાતરોનો અવિચારી ઉપયોગ અટકાવવા ૨૨ ઓક્ટોબરથી ૩૦ નવેમ્બર સુધી દેશભરમાં જનજાગરણ ચાલશે

નવી દિલ્હી:: કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ તથા ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે હરિયાણાના કર્નાલ જિલ્લાના ઐતિહાસિક નગર તરાવડી ખાતેથી રાષ્ટ્રવ્યાપી 'ખેત બચાવો અભિયાન'નો ઔપચારિક પ્રારંભ કરાવ્યો છે. દેશભરના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો અને સંસ્થાઓ સાથે વર્ચ્યુઅલી જોડાયેલા લાખો ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકોને સંબોધતા તેમણે ચેતવણી આપી હતી કે જો રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો અસંતુલિત ઉપયોગ નહીં અટકે તો ધરતી પાક પેદા કરવાની ના પાડી દેશે અને માનવ શરીર રોગોનું ઘર બની જશે. તેમણે ૨૨ ઓક્ટોબરથી ૩૦ નવેમ્બર દરમિયાન દેશના દરેક ગામમાં વ્યાપક જનજાગરણ અભિયાન ચલાવવાનું આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી તરીકે તેમણે હરિયાણાને મોટી ભેટ આપતા પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ૨૮,૪૨૨ પાકા મકાનોના નિર્માણ માટે રૂ.૧,૩૪૩.૦૬ કરોડની નાણાકીય મંજૂરીનો પત્ર હરિયાણાના કૃષિ મંત્રી શ્રી શ્યામ સિંહ રાણાને સોંપ્યો હતો.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય બજારમાં ખાતરના ભાવ વધવા છતાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર રૂ.દોઢ લાખ કરોડથી વધુની સબસિડી ભોગવી રહી છે, જેથી ખેડૂતોને યુરિયાની થેલી માત્ર રૂ.૨૬૬ અને ડીએપી રૂ.૧૩૫૦માં મળે છે. જોકે સસ્તું ખાતર મળવાનો અર્થ એ નથી કે ખેતરોમાં આડેધડ ઉપયોગ કરવો. જમીનમાં જરૂર વગર ખાતર નાખવું એ જમીનમાં ઝેર ભેળવવા સમાન છે. ભારત હવે ગ્રીન એમોનિયાના ઉપયોગ તરફ આગળ વધી રહ્યું છે અને ભવિષ્યમાં ખાતર ઉત્પાદનમાં આત્મનિર્ભર બનશે.

શ્રી ચૌહાણે જમીનના રક્ષણ માટે ત્રણ મહત્વના ઉપાયો રજૂ કર્યા હતા: પ્રથમ, ખેડૂતો સોઈલ હેલ્થ કાર્ડ જોઈને જ જરૂરિયાત મુજબ સંતુલિત ખાતર નાખે. બીજું, પાક ચક્રમાં ફેરફાર કરીને ડાંગર-ઘઉં વચ્ચે ચણા, મસૂર કે તુવેર જેવા કઠોળ વાવે, જે કુદરતી રીતે નાઈટ્રોજન વધારે છે. ત્રીજું, ખેડૂતો ઓછામાં ઓછા અડધા એકરમાં બીજામૃત અને ઘનજીવામૃત બનાવીને પ્રાકૃતિક ખેતી શરૂ કરે. તેમણે પરાળી બાળવા સામે ચેતવણી આપતા કહ્યું કે પરાળી બાળવાથી અળસિયાં અને ઉપયોગી સૂક્ષ્મ જીવાણુઓ નાશ પામે છે.

આ કાર્યક્રમમાં આઈસીએઆરના મહાનિદેશક તેમજ ડેયરના સચિવ ડૉ. માંગીલાલ જાટ, હરિયાણાના અધિક મુખ્ય સચિવ (કૃષિ) વિજેન્દ્ર કુમાર સહિતના વૈજ્ઞાનિકો અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. મંચ પરથી 'ખેત બચાવો અભિયાન' પુસ્તિકાનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

યમુના પુનરુદ્ધાર

અમિત શાહે યમુના શુદ્ધીકરણના રૂ.૮,૯૪૧ કરોડના પ્રોજેક્ટ્સ શરૂ કર્યા

દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશ સાથે ૨૦૨૯ સુધીમાં યમુના સ્વચ્છ કરવાનો રોડમેપ તૈયાર

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે દિલ્હીમાં યમુનાના પુનરુદ્ધાર સાથે સંકળાયેલા રૂ.૮,૯૪૧ કરોડના પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને શિલાન્યાસ સમારોહમાં હાજરી આપી હતી. આ પ્રસંગે દિલ્હીના ઉપરાજ્યપાલ તરનજિત સિંહ સંધુ અને મુખ્યમંત્રી રેખા ગુપ્તા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

શાહે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હી સરકાર અને ગૃહ મંત્રાલય સમક્ષ યમુનાને શુદ્ધ કરવાનું વિઝન મૂક્યું હતું. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૪૦ ટકાથી વધુ સફળતા મળી છે. તેમણે કહ્યું કે કેન્દ્ર તથા દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશની સરકારોએ ત્રણેય રાજ્યો માટે સમયબદ્ધ રોડમેપ તૈયાર કર્યો છે અને ૨૦૨૯ સુધીમાં યમુનાને સ્વચ્છ કરવાનું લક્ષ્ય રાખ્યું છે. તેમણે મે ૨૦૨૯ પહેલાં યમુનાને શુદ્ધ કરવાનો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો.

સમારોહમાં ૧૦ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને ૩૩ પ્રોજેક્ટ્સનો પ્રારંભ કરાયો હતો. કુલ રૂ.૮,૯૪૧ કરોડના ખર્ચે શરૂ થયેલી યોજનાઓથી લાખો લીટર પાણી શુદ્ધ થઈને યમુનામાં વહેશે, એમ શાહે જણાવ્યું. હાલના એસટીપીના અપગ્રેડેશન અને નવા એસટીપીની સ્થાપના માટે શિલાન્યાસ થયો છે. વિકેન્દ્રિત એસટીપી પમ્પિંગ સ્ટેશન સ્થાપિત કરાયું છે અને ઘરોને ગટર લાઈનો સાથે જોડવાનું કામ શરૂ થયું છે. સીવર રિહેબિલિટેશન, ટેપિંગ તથા ગટરના કામો પણ આગળ ધપાવાઈ રહ્યાં છે.

શાહે જણાવ્યું કે છેલ્લા ૩૦ વર્ષથી અગાઉની સરકારો દિલ્હીના ગંદા પાણીને યમુનામાં છોડવાની મંજૂરી આપતી હતી અને ડેરીઓમાંથી દરરોજ ૨,૦૦૦ ટન છાણ નદીમાં નાખવામાં આવતું હતું. તેમણે કહ્યું કે દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશ માટે તૈયાર કરાયેલા સંયુક્ત રોડમેપથી યમુનાને સ્વચ્છ કરવામાં આવશે.

દિલ્હીના કચરા અંગે શાહે કહ્યું કે રેખા ગુપ્તા સરકારે કેન્દ્ર સરકારની મદદથી ૨.૧૭ કરોડ મેટ્રિક ટન કચરો સાફ કર્યો છે અને ૧૦૦ એકર જમીન કચરામુક્ત કરી છે. ઓખલા અને ભલસ્વા ખાતે કચરાના પહાડો ૩૦થી ૪૦ મીટર ઘટ્યા છે, જ્યારે ગાઝીપુર ખાતેનો પહાડ ૧૦થી ૧૫ મીટર નીચે આવ્યો છે. બે વર્ષમાં કચરાના પહાડોની જગ્યાએ બગીચા બનાવાશે, એમ તેમણે જણાવ્યું. દિલ્હીના દરેક ઘરને સીવરેજ જોડાણ આપવા માટે ત્રણ વર્ષનો એક્શન પ્લાન તૈયાર કરાયો હોવાનું પણ તેમણે કહ્યું.

પેયજળ અને સ્વચ્છતા વિભાગનો વર્ચ્યુઅલ સંવાદ

ગ્રામીણ જળ પુરવઠા માટે જેજેએમ ૨.૦ અને ૧૬મા નાણાપંચની ગ્રાન્ટનું સંકલન કરાશે

૧૬મા નાણાપંચ હેઠળ જળ અને સ્વચ્છતા માટે અંદાજે રૂ. ૧.૭૪ લાખ કરોડ ફાળવાયા હોવાની જાહેરાત

નવી દિલ્હી:: જળ શક્તિ મંત્રાલયના પેયજળ અને સ્વચ્છતા વિભાગ (ડીડીડબલ્યુએસ)એ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે ચોથી વર્ચ્યુઅલ બેઠક યોજી હતી. આ બેઠક ૧-૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના વિભાગીય જળ શિખર સંમેલન ૨૦૨૬ના અનુવર્તી પરામર્શોનો ભાગ હતી. સંમેલનનો ઉદ્દેશ જળ જીવન મિશન (જેજેએમ) ૨.૦ અને ૧૬મા નાણાપંચ વચ્ચે સંકલન મજબૂત કરીને જળ સ્ત્રોતોની સ્થિરતા, જળ સુરક્ષા અને ગ્રામ પંચાયતના નેતૃત્વમાં ટકાઉ પેયજળ સેવા આયોજનને પ્રોત્સાહન આપવાનો હતો.

બેઠકમાં ગ્રામીણ જળ પુરવઠા અને પંચાયતી રાજ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ તથા પંચાયતી રાજ મંત્રાલય, ગ્રામીણ વિકાસ મંત્રાલય અને રાષ્ટ્રીય સૂચનાવિજ્ઞાન કેન્દ્ર (એનઆઈસી)ના પ્રતિનિધિઓ જોડાયા હતા. કર્ણાટક, ઓડિશા અને મધ્યપ્રદેશે જળ પુરવઠા વ્યવસ્થા, સંચાલન અને જાળવણી સુધારવા તથા નાણાપંચની ગ્રાન્ટનો ઉપયોગ કરવા અંગેના અનુભવો રજૂ કર્યા.

ડીડીડબલ્યુએસના સચિવ અશોક કે.કે. મીણાએ જણાવ્યું કે જેજેએમ ૨.૦ના વિસ્તરણ સાથે ધ્યાન માળખાં બાંધવા કરતાં કાર્યક્ષમતા, સ્થિરતા અને ગુણવત્તાયુક્ત સેવા પર કેન્દ્રિત થયું છે. ગ્રામ પંચાયતોએ વાર્ષિક સંચાલન-જાળવણી યોજના, સ્થાનિક સંસાધનો અને સેવા વિતરણમાં આગેવાની લેવી જોઈએ, એમ તેમણે જણાવ્યું. ગ્રાન્ટનો ઉપયોગ મુખ્યત્વે સંચાલન-જાળવણી, જળ સ્ત્રોતની સ્થિરતા, ગુણવત્તા વ્યવસ્થાપન અને સ્થાનિક ક્ષમતા માટે થવો જોઈએ; જ્યાં હાલની સંપત્તિને જાળવણીની જરૂર હોય ત્યાં નવાં માળખાં બાંધવા માટે નહીં, એમ તેમણે ભાર મૂક્યો.

એનજેજેએમના ઉપસચિવ કૃતિકા કુલહારીએ જણાવ્યું કે ૧૬મા નાણાપંચ હેઠળ ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓ માટેની રૂ. ૪.૩૫ લાખ કરોડથી વધુની કુલ રકમમાંથી આશરે રૂ. ૧.૭૪ લાખ કરોડ જળ વ્યવસ્થાપન અને સ્વચ્છતા માટે નિર્ધારિત છે. પંચાયતી રાજ મંત્રાલયના નિયામક વિપુલ ઉઙ્કવલે જરૂરિયાતો, સંસાધનો અને જવાબદારીના સંકલન પર ભાર મૂક્યો.

સમાપન સત્રમાં એનજેજેએમના એએસ અને એમડી કમલ કિશોર સોઆને જીપીડીપી આધારિત આયોજન અને વપરાશકર્તા શુલ્ક વ્યવસ્થા મજબૂત કરવા અપીલ કરી. પંચાયત પ્રતિનિધિઓ અને કર્મચારીઓ માટે તાલીમ યોજવા તથા ઈ-ગ્રામસ્વરાજની અડચણો દૂર કરવા પણ તેમણે જણાવ્યું. તૈયારીઓની સમીક્ષા અને અમલીકરણના પડકારો ઉકેલવા નવેમ્બર ૨૦૨૬માં બે પ્રાદેશિક પરિષદો યોજાશે.

ટપાલ વિભાગની ઐતિહાસિક સિદ્ધિ

ભારતીય ટપાલે રચ્યો ઇતિહાસ: સતત બે ક્વાર્ટરમાં ૪,૦૦૦ કરોડથી વધુની આવક

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ છમાસિક ગાળામાં આવક ૨૪ ટકા વધીને ૮,૨૧૨.૭ કરોડ રૂપિયા થઈ

નવી દિલ્હી:: ટપાલ વિભાગે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ છમાસિક ગાળામાં ૮,૨૧૨.૭ કરોડ રૂપિયાની આવક નોંધાવી છે, જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીએ ૨૪ ટકાનો વધારો છે. સતત બે ત્રિમાસિકમાં આવક ૪,૦૦૦ કરોડ રૂપિયાને વટાવી છે.

કેન્દ્રીય સંચાર અને ઉત્તર પૂર્વીય ક્ષેત્ર વિકાસ મંત્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાની અધ્યક્ષતામાં બીજી ત્રિમાસિક સમીક્ષા બેઠક યોજાઈ હતી. જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૬માં વિભાગે ૪,૨૦૧.૫ કરોડ રૂપિયાની આવક મેળવી, જે ગયા વર્ષની સમાન ત્રિમાસિક કરતાં ૨૫ ટકા અને પ્રથમ ત્રિમાસિક કરતાં ૫ ટકા વધુ છે.

તમામ છ વ્યવસાયિક ક્ષેત્રોમાં વૃદ્ધિ નોંધાઈ. પાર્સલ આવકમાં ૭૧ ટકા, પી.એલ.આઈ./આર.પી.એલ.આઈ.માં ૪૪ ટકા, આઈઆર અને જીબીમાં ૩૮ ટકા, ટપાલ સામગ્રીમાં ૩૬ ટકા અને પોસ્ટ ઓફિસ બચત બેંકમાં ૧૮ ટકાનો વધારો થયો. પાર્સલ આવક ૩૧૮.૯ કરોડ રૂપિયા અને બચત બેંકનો ફાળો ૧,૯૮૭ કરોડ રૂપિયા રહ્યો.

બિહાર સર્કલે ૯૭.૧૫ ટકા લક્ષ્ય સિદ્ધિ સાથે ટોચનું સ્થાન મેળવ્યું. પશ્ચિમ બંગાળ અને ઉત્તર પૂર્વ સર્કલે અનુક્રમે ૯૭.૦૭ અને ૯૪.૭૯ ટકા સિદ્ધિ નોંધાવી. પ્રથમ ત્રિમાસિક માટે આંધ્રપ્રદેશ અને બીજા માટે બિહાર સર્કલનું સન્માન કરાયું. ૨૩માંથી ૧૮ સર્કલોએ કામગીરી સુધારી.

સિંધિયાએ ગ્રાહક-કેન્દ્રિત અભિગમ, નવીનતા અને ડિજિટલીકરણ પર ભાર મૂક્યો. રાજ્ય મંત્રી ડૉ.

પોલેન્ડના પ્રધાનમંત્રીની ભારત મુલાકાતમાં ચાર પરિણામોની જાહેરાત

વેપાર, આપત્તિ વ્યવસ્થાપન, સંરક્ષણ અને આતંકવાદ વિરોધી ક્ષેત્રે સહમતિ થઈ

પોલેન્ડના પ્રધાનમંત્રીની ભારતની સત્તાવાર મુલાકાત દરમિયાન ચાર પરિણામોની જાહેરાત કરવામાં આવી છે. ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપાર બમણો કરવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે.

પોલેન્ડ કોઅલિશન ફોર ડિઝાસ્ટર રિસિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (CDRI)માં જોડાયું છે. સંરક્ષણ ઔદ્યોગિક સંવાદ સ્થાપવા અને આતંકવાદ વિરોધી મુદ્દાઓ પર સંવાદ કરવા સંમતિ થઈ છે.

દ્વિપક્ષીય સંબંધો

ભારત-પોલેન્ડે ૨૦૩૦ સુધી દ્વિપક્ષીય વેપાર બમણો કરવાનો લક્ષ્યાંક રાખ્યો

મોદી અને ટસ્કે વ્યૂહાત્મક ભાગીદારીને વેપાર, સંરક્ષણ અને ટેકનોલોજીમાં વિસ્તૃત કરવા સંમતિ દર્શાવી

ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નિમંત્રણ પર પોલેન્ડ ગણરાજ્યના પ્રધાનમંત્રી ડોનાલ્ડ ટસ્કે ૨૧-૨૩ ઓક્ટોબર ૨૦૨૯ દરમિયાન ભારતની સત્તાવાર મુલાકાત લીધી હતી. તેમની સાથે આશરે ૧૦૦ અગ્રણી CEO અને ઉદ્યોગ પ્રતિનિધિઓનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ આવ્યું હતું. બંને પ્રધાનમંત્રીઓએ દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરી હતી.

નેતાઓએ ઓગસ્ટ ૨૦૨૪માં પ્રધાનમંત્રી મોદીની પોલેન્ડની મુલાકાત દરમિયાન સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીનો દરજ્જો આપવાની અને ૨૦૨૪-૨૦૨૮ માટે ભારત-પોલેન્ડ એક્શન પ્લાન અપનાવવાની ઘટના યાદ કરી હતી. તેમણે સપ્ટેમ્બર ૨૦૨૯માં વેર્સોમાં થયેલી એક્શન પ્લાનની મધ્યસત્ર સમીક્ષાને મંજૂરી આપી હતી. બંનેએ ભાગીદારીને નક્કર, સમયબદ્ધ અને પરસ્પર લાભદાયી પરિણામોમાં ફેરવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

ભારત અને પોલેન્ડે ૨૦૩૦ સુધી દ્વિપક્ષીય વેપાર બમણો કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. ભારતે પોલિશ કંપનીઓને ભારતમાં રોકાણ અને કામગીરી વધારવા આમંત્રણ આપ્યું હતું; ટસ્કે પોલેન્ડને મધ્ય અને પૂર્વ યુરોપ તથા વ્યાપક યુરોપિયન બજારમાં ભારતીય વ્યવસાયો માટે પ્રવેશદ્વાર ગણાવ્યું હતું. બંનેએ કૃષિ સહયોગ વધારવા અને દ્વિપક્ષીય વર્કિંગ ગ્રુપની પ્રવૃત્તિઓ પુનઃશરૂ કરવા સંમતિ આપી હતી. મુલાકાત દરમિયાન યોજાયેલા ભારત-પોલેન્ડ બિઝનેસ ફોરમનું સ્વાગત કરીને ઔદ્યોગિક મશીનરી, સંરક્ષણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ફાર્માસ્યુટિકલ્સ, ખાણકામ, નિર્ણાયક ખનિજો, ઊર્જા અને ICT સહિતના ક્ષેત્રોમાં ભાગીદારીને પ્રોત્સાહન આપ્યું હતું.

પ્રધાનમંત્રી મોદીએ USD ૧ ટ્રિલિયન GDPનો આંકડો પાર કરવા બદલ પોલેન્ડને અભિનંદન આપ્યાં હતાં. પોલેન્ડે ભારતના ઝડપી વિકાસ અને આગામી વર્ષોમાં USD ૧૦ ટ્રિલિયનનું અર્થતંત્ર બનવાના તેના માર્ગની પ્રશંસા કરી હતી. નેતાઓએ ભારત-ઈયુ મુક્ત વ્યાપાર સમજૂતી (FTA) પર વહેલા હસ્તાક્ષર, મંજૂરી અને સમયસર અમલીકરણ માટે આહ્વાન કર્યું હતું. તેમના મતે તે વેપાર-રોકાણની તકો વધારશે, મૂલ્ય શ્રંખલાઓને મજબૂત કરશે અને નવા બજારો ખોલશે.

બંને દેશોએ સંરક્ષણ અને સુરક્ષા સહયોગ મજબૂત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. સપ્ટેમ્બર ૨૦૨૬માં વેર્સોમાં યોજાયેલી સંરક્ષણ પરના જોઈન્ટ વર્કિંગ ગ્રુપની ૮મી બેઠકના પરિણામોનું સ્વાગત કરીને નિયમિત આદાનપ્રદાન ચાલુ રાખવા સંમતિ આપી હતી. સંરક્ષણ ઉદ્યોગો વચ્ચે વ્યાપારી રીતે વ્યવહારુ સહયોગની તકો શોધવા અને સંરક્ષણ ઔદ્યોગિક સહયોગ માટે 'ડિફેન્સ ઈન્ડસ્ટ્રી ડાયલોગ' વિકસાવવા પ્રોત્સાહન આપ્યું હતું. ભારત-ઈયુ સિક્યોરિટી એન્ડ ડિફેન્સ પાર્ટનરશિપ પર જાન્યુઆરી ૨૦૨૬માં થયેલા હસ્તાક્ષરનું પણ સ્વાગત કર્યું હતું.

અંતરિક્ષ સહયોગને વ્યૂહાત્મક ભાગીદારીનો મુખ્ય હિસ્સો ગણાવી નેતાઓએ સંસ્થાકીય અને ઉદ્યોગ-સ્તરના જોડાણને પ્રોત્સાહિત કર્યું હતું. સેમિકન્ડક્ટર્સ, AI, ક્વોન્ટમ ટેકનોલોજી અને સ્ટાર્ટઅપ ભાગીદારીમાં સહયોગી સંશોધન વધારવા સંમતિ આપી હતી. બેટરી રિસાયક્લિંગ, દુર્લભ પૃથ્વી ખનિજોના શુદ્ધીકરણ, ભુસ્તરશાસ્ત્ર અને ખાણકામ ક્ષેત્રે સહયોગની તકો પણ ચર્ચાઈ હતી; નિર્ણાયક ખનિજો અંગેનો સમજૂતી કરાર વાટાઘાટો હેઠળ છે.

નેતાઓએ ભારત અને પોલેન્ડ વચ્ચે સીધી વિમાની સેવાઓ વધારવાની તકો શોધવા અને નાગરિક ઉડ્ડયન સત્તામંડળો વચ્ચે સીધી વાટાઘાટોને પ્રોત્સાહિત કર્યું હતું. શિપિંગ, દરિયાઈ સુરક્ષા અને બંદરો વચ્ચેના સહયોગનું મહત્વ સ્વીકાર્યું હતું. ભારત-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોર (IMEC) સહિત કનેક્ટિવિટી સુધારવા અને ધ્રુવીય બાબતોમાં વૈજ્ઞાનિક સહયોગ વિકસાવવા સંમતિ વ્યક્ત કરી હતી.

શિક્ષણ અને સંસ્કૃતિના ક્ષેત્રે કાકોવની જગિએલોનિયન યુનિવર્સિટીમાં ભારતીય અધ્યયનની ICCR ચેરનું સ્વાગત કરાયું હતું. બંને દેશોની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ વચ્ચે સંસ્થાકીય ભાગીદારી, વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીના આદાનપ્રદાન તથા સંશોધન વધારવા નેતાઓએ પ્રોત્સાહન આપ્યું હતું. લોકો વચ્ચેના સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીનો મહત્વનો સ્તંભ ગણાવી રમતગમત, યુવા આદાનપ્રદાન અને પ્રવાસન સહિત સાંસ્કૃતિક સહયોગ વધારવા સંમતિ આપી હતી. ભારત અને પોલેન્ડના આર્કાઈવ્ઝના અધિકારીઓ વચ્ચે સહયોગ કરાર પૂર્ણ થયો હતો અને તેના પર ટૂંક સમયમાં હસ્તાક્ષર થવાના છે.

વેર્સોમાં મહારાજા જામસાહેબ અને કોલ્હાપુર રિયાસતનું સ્મારક બંને દેશોના લોકો વચ્ચેના ઐતિહાસિક સંબંધોનું પ્રતીક હોવાનું બંને પક્ષોએ જણાવ્યું હતું. ઓક્ટોબર ૨૦૨૬માં યોજાયેલી આવૃત્તિ સહિત જામસાહેબ મેમોરિયલ યુથ એક્સચેન્જ પ્રોગ્રામની બે આવૃત્તિઓ યોજાઈ હોવાનું તેમણે નોંધ્યું હતું. 'ઓપરેશન ગંગા' હેઠળ યુક્રેનમાં ફસાયેલા ૨,૦૦૦થી વધુ ભારતીય વિદ્યાર્થીઓને પોલિશ સત્તામંડળોએ આપેલી સહાયને પણ યાદ કરી હતી.

વૈશ્વિક મુદ્દાઓ પર બંને પક્ષોએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારા અને વિસ્તરણની જરૂરિયાત દર્શાવી હતી. પોલેન્ડે સુધારેલી અને વિસ્તૃત UNSCમાં ભારતની સભ્યપદની સાથે ૨૦૨૮-૨૯ માટે બિન-કાયમી સીટની દાવેદારીને સમર્થન આપ્યું હતું. યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધના માનવતાવાદી પરિણામો અંગે ચિંતા વ્યક્ત કરીને આંતરરાષ્ટ્રીય કાયદા અને સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર અનુસાર વ્યાપક, ન્યાયી અને લાંબા ગાળાની શાંતિની જરૂરિયાતનો પુનરોચ્ચાર કર્યો હતો.

નેતાઓએ તમામ સ્વરૂપોના આતંકવાદ અને હિંસક ઉગ્રવાદની નિંદા કરી હતી. ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની સખત નિંદા કરીને આતંકવાદી સંગઠનો સામે કાર્યવાહી, આતંકવાદના નાણાકીય નેટવર્ક ખોરવવા અને આંતરરાષ્ટ્રીય આતંકવાદ પરના વ્યાપક સંમેલન (CCIT)ને વહેલી તકે અપનાવવા આહ્વાન કર્યું હતું. આતંકવાદ વિરોધી સંવાદ કરવા પણ સંમતિ આપી હતી.

બંને દેશોએ મુક્ત, ખુલ્લા અને શાંતિપૂર્ણ ઈન્ડો-પેસિફિક, ૧૯૮૨ના UNCLOS અને નૌકાપરિવહનની સ્વતંત્રતાના મહત્વને પુનઃપુષ્ટ કર્યું હતું. ભારતે પોલેન્ડને ઈન્ડો-પેસિફિક ઓશન્સ ઈનિશિયેટિવમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું. આબોહવા પરિવર્તન સામે વૈશ્વિક કાર્યવાહી, સ્વચ્છ ઊર્જા અને આબોહવા-સાનુકૂળ વિકાસમાં સહયોગ વધારવાની જરૂરિયાત પણ દર્શાવી હતી. ભારતે પોલેન્ડના CDRIમાં જોડાવાના નિર્ણયનું સ્વાગત કર્યું અને તેને ઈન્ટરનેશનલ સોલર અલાયન્સ તથા ગ્લોબલ બાયોફ્યુઅલ્સ અલાયન્સમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું.

પ્રધાનમંત્રી ટસ્કે આપેલા આતિથ્ય બદલ આભાર માન્યો હતો. બંને નેતાઓએ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ઊંડી અને વૈવિધ્યસભર બનાવવા તથા એક્શન પ્લાન (૨૦૨૪-૨૦૨૮)નું અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. ટસ્કે પ્રધાનમંત્રી મોદીને પોલેન્ડની મુલાકાતે આવવાનું નિમંત્રણ આપ્યું હતું.

રાષ્ટ્રીય રસાયણ ક્ષેત્ર

નડ્ડાએ મુંબઈમાં 'ઈન્ડિયા કેમ ૨૦૨૬'નું ઉદ્ઘાટન કર્યું

ત્રણ દિવસીય કાર્યક્રમમાં વૈશ્વિક ભાગીદારો, રોકાણકારો અને ઉદ્યોગના અગ્રણીઓ જોડાયા

કેમિકલ અને ફર્ટિલાઇઝર્સ તેમજ હેલ્થ એન્ડ ફેમિલી વેલફેરના કેન્દ્રીય મંત્રી જે. પી. નડ્ડાએ મુંબઈમાં 'ઈન્ડિયા કેમ ૨૦૨૬'ની ૧૪મી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું. ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને પરિષદમાં ઉદ્યોગના અગ્રણીઓ, નીતિ ઘડનારાઓ, રોકાણકારો, સંશોધકો અને આંતરરાષ્ટ્રીય સહભાગીઓ એક મંચ પર આવ્યા છે.

ઉદ્યોગના અગ્રણીઓ અને નીતિ ઘડનારાઓને સંબોધતાં નડ્ડાએ કહ્યું કે સરકાર કેમિકલ ક્ષેત્ર માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડી રહી છે. તેમણે 'ભવ્ય રસાયણ યોજના'ને ક્ષેત્ર માટે ગેમ ચેન્જર ગણાવી. યોજના હેઠળ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક કેમિકલ ઉત્પાદન કેન્દ્રો વિકસાવવા બંદરો, રેલવે, એરપોર્ટ અને રસ્તાઓ સાથેની કનેક્ટિવિટી તથા સંકલિત મૂલ્ય શ્રંખલાઓ પર ધ્યાન આપવામાં આવશે.

નડ્ડાએ કહ્યું કે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરવામાં કેમિકલ અને પેટ્રોકેમિકલ ક્ષેત્રની અનિવાર્ય ભૂમિકા રહેશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંદેશમાં જણાવાયું કે વ્યવસાય કરવાની સરળતામાં સુધારા અને મુક્ત વેપાર કરારોના વિસ્તરતા નેટવર્કથી રોકાણની નવી તકો તથા આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચ મળી રહી છે. પ્રધાનમંત્રીએ આશા વ્યક્ત કરી કે કાર્યક્રમની ચર્ચાઓ એવી ભાગીદારીને પ્રોત્સાહન આપશે, જે ક્ષેત્રના લાંબા ગાળાના વિકાસમાં યોગદાન આપે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર રાજ્ય મંત્રી અનુપ્રિયા પટેલે જણાવ્યું કે કેમિકલ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગ મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવામાં અને જીવનની ગુણવત્તા સુધારવામાં મહત્ત્વનો છે. તેમણે ઉદ્યોગના અગ્રણીઓને સરકારની પ્રોત્સાહક રકમ અને તકોનો લાભ લેવા કહ્યું. ત્રણ નવા સમર્પિત કેમિકલ પાર્ક માટે શરૂ કરાયેલી 'ભારત ઔદ્યોગિક વિકાસ યોજના'ના અમલમાં રાજ્ય સરકારોની ભૂમિકા મહત્ત્વની હોવાનું પણ તેમણે જણાવ્યું.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ અને ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ રાજ્યોમાં રોકાણની તકોનો ઉપયોગ કરવા ઉદ્યોગને આહ્વાન કર્યું. ફડણવીસે કહ્યું કે કેમિકલ ઉદ્યોગ મહારાષ્ટ્રમાં આશરે ત્રણ લાખ લોકોને રોજગારી આપે છે. મહારાષ્ટ્ર ભવિષ્યલક્ષી અને વ્યવસાય કરવાની સરળતા પર આધારિત રોકાણ-મૈત્રીપૂર્ણ નીતિ તૈયાર કરી રહ્યું છે. મધ્યપ્રદેશ અને ઓડિશાના મુખ્યમંત્રીઓએ પણ તેમની રોકાણ નીતિઓ અને માળખાકીય સુવિધાઓનો લાભ લેવા આમંત્રણ આપ્યું.

'એડવાન્ટેજ ભારતઃ એન ઈમર્જિંગ ગ્લોબલ કેમિકલ્સ હબ' થીમ હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં જાપાન ભાગીદાર દેશ છે. મહારાષ્ટ્ર, ગુજરાત, ઓડિશા, મધ્યપ્રદેશ, બિહાર, આંધ્રપ્રદેશ અને ઉત્તર પ્રદેશ ભાગીદાર રાજ્યો છે. ૨૦૦થી વધુ ભારતીય અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શકો, ૮,૦૦૦થી વધુ બિઝનેસ મુલાકાતીઓ અને ૫૦ અગ્રણી ભારતીય તથા આંતરરાષ્ટ્રીય CEO તેમાં ભાગ લઈ રહ્યા છે. ભારતીય કેમિકલ ઉદ્યોગ ૨૦૩૦ સુધીમાં ૩૦૦ અબજ ડોલર અને ૨૦૪૦ સુધીમાં ૧ ટ્રિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે. ૧૪મી આવૃત્તિમાં યુવા સંશોધકો, વિદ્યાર્થીઓ અને ઉભરતા સાહસિકો માટે 'ઈન્ડિયા કેમ યુથ ઈનોવેશન ચેલેન્જ' પણ શરૂ કરાઈ છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયની પહેલ

દેશમાં 'નશા મુક્ત ભારત અભિયાન' ૩૫ કરોડથી વધુ લોકો સુધી પહોંચ્યું

૧૩.૯૪ કરોડથી વધુ યુવાનો અને ૧૦.૮૬ કરોડ મહિલાઓ સામેલ, ૩૨ લાખ શિક્ષણ સંસ્થા જોડાઈ

નવી દિલ્હીઃ: સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયનું 'નશા મુક્ત ભારત અભિયાન' નશીલા પદાર્થોની માંગ ઘટાડવા માટેની રાષ્ટ્રીય કાર્ય યોજના (NAPDDR) હેઠળ અત્યાર સુધીમાં ૩૫ કરોડથી વધુ લોકો સુધી પહોંચ્યું છે. તેમાં ૧૩.૯૪ કરોડથી વધુ યુવાનો અને ૧૦.૮૬ કરોડ મહિલાઓ સામેલ છે. ૩૨ લાખથી વધુ શિક્ષણ સંસ્થાઓ પણ અભિયાન સાથે જોડાઈ છે.

અભિયાનની શરૂઆત ૧૫ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ૨૭૨ સંવેદનશીલ જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને થઈ હતી; હવે તેનો વિસ્તાર સમગ્ર દેશમાં થયો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સપ્ટેમ્બરમાં નવી દિલ્હીમાં જણાવ્યું હતું કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૯ સુધીમાં દેશ નશીલા પદાર્થોના કારોબારને જડમૂળથી ખતમ કરવામાં સફળ થશે. તેમણે સંકલન, સ્પષ્ટ લક્ષ્યો અને જવાબદારી પર ભાર મૂક્યો હતો.

અભિયાન જાગૃતિ, નિવારણ, સારવાર, પુનર્વસન અને સામુદાયિક સહયોગ પર ધ્યાન આપે છે. રાષ્ટ્રીય નશા મુક્તિ હેલ્પલાઇન ૧૪૪૪૬ પર વ્યક્તિઓ અને પરિવારો માહિતી તથા સહાય મેળવી શકે છે.

નેતન્યાહુએ મોદીને ફોન કર્યો; ભારત-ઈઝરાયેલ ભાગીદારી મજબૂત કરવાનો સંકલ્પ

બંને નેતાઓએ પશ્ચિમ એશિયામાં શાંતિ-સ્થિરતા પુનઃસ્થાપિત કરવાની તાકીદની જરૂરિયાત પર ભાર મૂક્યો

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી પર આજે ઈઝરાયેલના પ્રધાનમંત્રી મહામહિમ શ્રી બેન્જામિન નેતન્યાહુનો ટેલિફોન કોલ આવ્યો હતો.

બંને નેતાઓએ ભારત-ઈઝરાયેલ સંબંધોમાં સતત રહેલી ગતિશીલતાનું સ્વાગત કર્યું હતું અને બંને દેશો વચ્ચેની વિશેષ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા માટેની સહિયારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

નેતાઓએ પશ્ચિમ એશિયાના તાજેતરના વિકાસ અંગે વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. તેમણે આ વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવાની તાકીદની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

પ્રધાનમંત્રી મોદીએ આગળ વધવાના માર્ગ તરીકે સંવાદ અને મુત્સદ્દીગીરી માટેના ભારતના આહ્વાનનો પુનરોચ્ચાર કર્યો હતો. બંને નેતાઓ સંપર્કમાં રહેવા માટે સંમત થયા હતા.

મોદીએ એશિયન પેરા ગેમ્સના વિજય બદલ સુવર્ણા રાજને અભિનંદન આપ્યાં

મહિલાઓની ડિસ્કસ થ્રો F54 સ્પર્ધામાં સફળતા બદલ તેમની મહેનત અને દૃઢતાને બિરદાવી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬માં મહિલાઓની ડિસ્કસ થ્રો F54 સ્પર્ધામાં ભવ્ય વિજય મેળવવા બદલ સુવર્ણા રાજને અભિનંદન પાઠવ્યાં છે. પ્રધાનમંત્રીએ તેમની સફળતાને સખત મહેનત, દૃઢતા અને રમતગમતની ઉત્કૃષ્ટતા પ્રત્યેની અચળ પ્રતિબદ્ધતાનું પરિણામ ગણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે ભારત આ શાનદાર વિજયની ઉજવણી કરે છે અને સુવર્ણા રાજને આગામી પ્રયાસો માટે શુભકામનાઓ પાઠવી હતી.

પ્રધાનમંત્રી કાર્યાલયે X પર શેર કરેલી પોસ્ટમાં આ અભિનંદન સંદેશ આપ્યો હતો. પોસ્ટમાં મહિલાઓની ડિસ્કસ થ્રો F54 સ્પર્ધામાં સુવર્ણા રાજના વિજયને ભવ્ય ગણાવી તેમની મહેનત અને રમતગમત પ્રત્યેની પ્રતિબદ્ધતાનો ઉલ્લેખ કરાયો હતો. સંદેશમાં ભારત આ વિજયની ઉજવણી કરે છે તેમ જણાવી, તેમના આગામી પ્રયાસો સફળ રહે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

પ્રધાનમંત્રી કાર્યાલયની પોસ્ટમાં આ જ સંદેશ અંગ્રેજીમાં પણ શેર કરાયો હતો.

મોદીએ વિનમ્રતા અને સતત શીખવાનો સંદેશ આપતું સુભાષિત શેર કર્યું

મર્યાદિત સફળતા પછી અહંકાર નહીં, પ્રગતિ માટે શીખતા રહેવાની પ્રેરણા આપી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે એક સંસ્કૃત સુભાષિત શેર કર્યું. તેમાં મર્યાદિત સફળતા મળવા છતાં વિનમ્ર રહેવા અને સતત શીખતા રહીને આગળ વધવાના મહત્વ પર ભાર મૂકાયો છે. પ્રધાનમંત્રીએ 'X' (ટ્વિટર) પર લખ્યું: "ખદ્યોતો દ્યોતતે તાવદ્ યાવન્નોદયતે શશી. ઉદિતે તુ સહસ્રાંશૌ ન ખદ્યોતો ન ચન્દ્રમાઃ.."

સુભાષિતનો ભાવ સમજાવતાં જણાવાયું છે કે ચંદ્રનો ઉદય ન થાય ત્યાં સુધી જ આગિયો ચમકતો દેખાય છે. સૂર્ય ઉગે ત્યારે ન આગિયાનો પ્રકાશ દેખાય છે, ન ચંદ્ર. એ જ રીતે, કોઈ નાની કે મર્યાદિત સિદ્ધિનું મહત્વ ત્યાં સુધી જ રહે છે, જ્યાં સુધી તેનાથી શ્રેષ્ઠ કે મોટું કંઈ સામે ન આવે. તેથી મર્યાદિત સફળતા મળતાં અહંકારી થવાને બદલે વિનમ્ર રહેવું જોઈએ. સાથે જ, સતત શીખતા રહીને પ્રગતિ કરતા રહેવું જોઈએ.

પેન્શનરો માટે સુનાવણી

ટપાલ વિભાગ પેન્શન ફરિયાદો માટે ૩૦ ઓક્ટોબરે અદાલત યોજશે

પોસ્ટમાસ્ટર જનરલ ફરિયાદો સાંભળશે; અરજીઓ ૨૬ ઓક્ટોબર સુધીમાં પહોંચાડવાની રહેશે

ટપાલ વિભાગ દ્વારા પેન્શન સંબંધિત ફરિયાદોના નિરાકરણ માટે 'પેન્શન અદાલત'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. અદાલત ૩૦-૧૦-૨૦૨૬, શુક્રવારે સવારે ૧૧.૦૦ વાગ્યાથી પોસ્ટમાસ્ટર જનરલની કચેરી, હેડ ક્વાર્ટર રીજન, સ્પીડ પોસ્ટ ભવન, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪ ખાતે યોજાશે.

પોસ્ટમાસ્ટર જનરલ દરેક પેન્શનરને વ્યક્તિગત રીતે સાંભળશે અને ફરિયાદોનું સ્થળ પર જ નિરાકરણ લાવશે. અદાલતનો ઉદ્દેશ પેન્શનરોને વ્યક્તિગત સુનાવણી આપવાનો અને તેમની સમસ્યાઓનો સ્થળ પર ઉકેલ લાવવાનો છે.

ટપાલ વિભાગના પેન્શનને લગતી ફરિયાદો 'વરિષ્ઠ હિસાબ અધિકારી', પેન્શન વિભાગ, પોસ્ટમાસ્ટર જનરલની કચેરી, હેડ ક્વાર્ટર રીજન, સ્પીડ પોસ્ટ ભવન, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪ના સરનામે મોકલવાની રહેશે. ફરિયાદો ૨૬-૧૦-૨૦૨૬, સોમવાર સુધીમાં પહોંચી જવી જોઈએ. આ તારીખ પછી મળેલી ફરિયાદો સ્વીકારવામાં આવશે નહીં.

ફરિયાદો નક્કર અને સંક્ષિપ્ત હોવી જોઈએ. સામાન્ય સ્વરૂપની અથવા નીતિવિષયક બાબતોને લગતી ફરિયાદો સ્વીકારવામાં નહીં આવે. એક અરજીમાં એકથી વધુ મુદ્દા કે વિષય રજૂ કરી શકાશે નહીં. ફરિયાદ ફરિયાદી પોતે અથવા પેન્શનરના પરિવારનો સભ્ય રજૂ કરી શકે છે.

ડાયરેક્ટોરેટના પત્ર ક્રમાંક 44013/2/2010-Coord, તારીખ ૨૫-૦૩-૨૦૧૧ના મુદ્દા ક્રમાંક ૬.૩ મુજબ, 'સ્ટેન્ડિંગ કમિટી ઓફ વોલન્ટરી એજન્સીઝ' (SCOVA)ના અધિકૃત પ્રતિનિધિઓ અને માન્ય ટ્રેડ યુનિયનો અથવા પેન્શનર એસોસિએશનોને પણ અદાલતમાં હાજર રહેવા આમંત્રિત કરી શકાય છે. જોકે, તેઓ પેન્શનરોની ફરિયાદો રજૂ કરી શકશે નહીં.

મસાલાની સુગંધ સાચવો

સૂકી, ઠંડી જગ્યાએ રાખો

મસાલાની સુગંધ લાંબા સમય સુધી જળવાય તે માટે તેને ભેજ, ગરમી અને સીધા સૂર્યપ્રકાશથી દૂર રાખવા જોઈએ. હવાબંધ ડબ્બામાં રાખેલા મસાલા આસપાસની ગંધ અને ભેજ ઓછા શોષે છે. ડબ્બામાંથી મસાલા કાઢતી વખતે હંમેશાં સ્વચ્છ અને સંપૂર્ણ સૂકી ચમચી વાપરો; ભીની ચમચીથી ગાંઠો પડી શકે. આખા મસાલા સામાન્ય રીતે દળેલા મસાલા કરતાં વધુ સમય સુગંધિત રહે છે.

સ્વ. ડો. જશવંતસિંહ રાઠોડ
સુપર સ્પેશ્યાલીટી આયુર્વેદ સેન્ટર

ડો. રૂપાલીબેન ઠક્કર
(આયુર્વેદીક ફીઝિશિયન)
મો. ૯૪૨૬૩૩૦૩૨૬

ડો. સુચિતાબેન ઝવેરી
(આયુર્વેદીક ફીઝિશિયન)
મો. ૮૭૫૮૯૫૯૯૫૦

રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે અને કોલેસ્ટ્રોલ ઘટાડવા માટેના મદદરૂપ આયુર્વેદિક ઉકાળા ફ્રી આપવામાં આવશે.

આયુર્વેદિક નિદાન કેમ્પ
૧૦ ઓગષ્ટ, ૨૦૨૬ સોમવાર
સમય : સવારે ૯.૩૦ થી ૧૨.૦૦
સ્થળ : પંચમુખી મહાદેવ, શિવશક્તિ મંદિર, સેક્ટર-૫ એ

- કોલેસ્ટ્રોલના ઉકાળા હૃદયના સ્વાસ્થ્યમાં મદદરૂપ થાય છે. આ ઉકાળા કોલેસ્ટ્રોલ ઘટાડવામાં ખૂબ ઉપયોગી છે. એમાં પણ LDL ખરાબ કોલ્સ્ટ્રોલ ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી છે.
- રોગપ્રતીકારક શક્તિ માટેના ઉકાળાથી શરદી, ઉધરસ અને સામાન્ય ચેપનું પ્રમાણ ઓછું થાય છે. વર્ષાઋતુમાં થતા ઈન્ફેકશન સામે રક્ષણ પુરું પાડવામાં મદદરૂપ થાય છે.

એપોઇન્ટમેન્ટ નંબર - 98795 20388
www.drjasvantsinhrathod.com

કૃષિ અને સ્વચ્છ ઊર્જા

રાજ્યો એગ્રીવોલ્ટેઈક્સ માટે નીતિ અને રોકાણને વેગ આપે

કોન્ફરન્સના બીજા દિવસે રાજ્યની યોજનાઓ, નવી ટેકનોલોજી અને બ્લેન્ડેડ ફાઇનાન્સ પર ચર્ચા થઈ

એગ્રીવોલ્ટેઇક્સ વર્લ્ડ કોન્ફરન્સ ૨૦૨૬ના બીજા દિવસે રાજ્ય નીતિ નેતૃત્વ, ટેકનોલોજીકલ નવીનતા, ખાનગી ક્ષેત્રની ભાગીદારી અને ક્લાઇમેટ ફાઇનાન્સ અંગે ક્રોસ-સેક્ટરલ જોડાણને વેગ મળ્યો હતો. ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ (IISD) અને કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયર્નમેન્ટ એન્ડ વોટર (CEEW) દ્વારા સહ-આયોજિત મંત્રીસ્તરીય સત્રમાં ઓડિશા, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને બિહારના ઊર્જા તથા કૃષિ રાજ્ય મંત્રીઓએ એગ્રીવોલ્ટેઇક અમલીકરણ માટેના રાજ્યસ્તરીય અભિગમો રજૂ કર્યા હતા. રોકાણની તકો, જમીન-ઉપયોગના મોડેલો, ટેરિફ પ્રોત્સાહનો અને સ્થાનિક કૃષિ તથા પાકની સ્થિતિને અનુરૂપ PM-KUSUM યોજનાના અનુકૂલન પર ચર્ચા થઈ હતી.

ઉત્તર પ્રદેશના ઊર્જા મંત્રી અરવિંદ કુમાર શર્માએ રાજ્યના કૃષિ આધાર, વિવિધ પાક પદ્ધતિઓ અને વિસ્તરતા સોલર ઇન્ફ્રાસ્ટ્રક્ચરને એગ્રીવોલ્ટેઇક્સ માટેના ફાયદા ગણાવ્યા હતા. ખેતીની સાથે સોલર વીજળી ઉત્પન્ન કરવાથી જમીનનો બહેતર ઉપયોગ અને ખેડૂતોને વધારાની આવક થઈ શકે તેમ તેમણે જણાવ્યું હતું. રૂફટોપ સોલર અને ગ્રીડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રગતિનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે ગ્રીન એનર્જી કોરિડોર-III રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે વીજળીના નિકાલને મજબૂત કરશે. રાજ્યમાં કૃષિ જમીન ધરાવતા લોકોમાં નાના અને સીમાંત ખેડૂતોનો હિસ્સો લગભગ ૮૦% હોવાનું જણાવી, તેમણે તેમના માટે અનુકૂળ ધિરાણ અને ટેકનોલોજીની જરૂરિયાત પર ભાર મૂક્યો. રોકાણકારોને ઉત્તર પ્રદેશની તકો અજમાવવા આમંત્રણ આપી તેમણે ગ્રીડ કનેક્ટિવિટી અને વીજળીના નિકાલ માટે રાજ્યના સહયોગની ખાતરી આપી.

ઉત્તર પ્રદેશના કૃષિ મંત્રી સૂર્ય પ્રતાપ શાહીએ વીજળીના બિલ માફ કરાયેલા રાજ્યના તમામ ૧૬ લાખ કૃષિ ટ્યુબવેલને સમર્પિત ગ્રીડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મારફતે સોલરાઇઝ કરવાની યોજના જણાવી હતી. તેમણે ખેડૂતોના જમીન માલિકીના હકોનું રક્ષણ, પાકની પસંદગી અને એગ્રીવોલ્ટેઇક પદ્ધતિઓ અંગે સંરચિત તાલીમની જરૂરિયાત દર્શાવી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, કૃષિ યુનિવર્સિટીઓ અને તકનીકી સંસ્થાઓના ઉપયોગથી ખેડૂતોની ક્ષમતા વધારવા તથા એગ્રીવોલ્ટેઇક્સને કૃષિ વૈવિધ્યીકરણ અને ખેડૂત-સહાયક પહેલો સાથે સાંકળવાનો પ્રસ્તાવ પણ મૂકાયો હતો.

મધ્યપ્રદેશના નવા અને અક્ષય ઊર્જા મંત્રી રાકેશ શુક્લાએ એગ્રીવોલ્ટેઇક્સ, સોલર ડિપ્લોયમેન્ટ અને બેટરી સ્ટોરેજને આગળ ધપાવવાના રાજ્યના પ્રયાસોની માહિતી આપી હતી. ૨૦૨૬ને મધ્યપ્રદેશમાં 'ખેડૂત કલ્યાણ વર્ષ' તરીકે મનાવવામાં આવી રહ્યું છે. કેટલાક સ્થળોએ સોલર પેનલ્સની નીચે ખેતી શરૂ થઈ હોવાનું અને બેટરી-સ્ટોરેજ પ્રોજેક્ટ્સ માટે ટેન્ડરિંગ પ્રક્રિયા પૂર્ણ થઈ હોવાનું તેમણે જણાવ્યું હતું. ઓમકારેશ્વર પ્રોજેક્ટ સહિત રાજ્યના અક્ષય ઊર્જા ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

બિહારના ઊર્જા મંત્રી શૈલેષ કુમાર મંડળે ફીડર સેપરેશન અને સોલરાઇઝેશન દ્વારા કૃષિ વીજળી ઇન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવાના પ્રયાસો રજૂ કર્યા હતા. રાજ્યએ આશરે ૨,૭૦૦ કૃષિ ફીડરો પર કામ આગળ ધપાવ્યું છે અને તેમના સોલરાઇઝેશન માટે નાણાકીય સહાય મંજૂર કરી છે. બિહારના કૃષિ મંત્રી વિજય કુમાર સિંહાએ એગ્રીવોલ્ટેઇક્સને ખેડૂતોની આવક વધારવા, પાક વૈવિધ્યીકરણને પ્રોત્સાહન આપવા અને ગ્રામીણ રોજગાર ઊભો કરવાની તક ગણાવી હતી. સંશોધન, ખેડૂતોની જાગૃતિ અને તાલીમ માટે કૃષિ તથા નાણાકીય સંસ્થાઓ અને ઊર્જા સાહસો વચ્ચે સહયોગની જરૂરિયાત તેમણે દર્શાવી હતી.

ઓડિશાના નાયબ મુખ્યમંત્રી કનક વર્ધન સિંહ દેવે જણાવ્યું હતું કે રાજ્ય તેની સમર્પિત એગ્રીવોલ્ટેઇક્સ નીતિ ૨૦૨૬ને આખરી ઓપ આપી રહ્યું છે, જેમાં ૨૦૩૦ સુધીમાં ૧ GWનો લક્ષ્યાંક છે. પ્રસ્તાવિત નીતિ મુજબ પ્રોજેક્ટ સ્થળની ઓછામાં ઓછી ૯૦% જમીન ખેતીલાયક રાખવી, ખેડૂતોની સંમતિ અને પાક વીમાનું રક્ષણ કરવું તથા ખેડૂતોને પ્રોજેક્ટની માલિકી રાખવા અથવા ખેતી ચાલુ રાખીને જમીન લીઝ પર આપવાનો વિકલ્પ આપવો જરૂરી રહેશે. GRIDCO મારફતે ૨૫-વર્ષના પાવર પર્ચેસ એગ્રીમેન્ટ્સ (PPA), ગ્રીડ કનેક્ટિવિટી અને રોકાણ પ્રોત્સાહનો આપવાની યોજના પણ તેમણે જણાવી હતી.

નેશનલ સોલર એનર્જી ફેડરેશન ઓફ ઇન્ડિયા (NSEFI)ના 'એગ્રીવોલ્ટેઇક્સ પિચ-હબ'માં પ્રારંભિક તબક્કાના સંશોધકો અને સ્ટાર્ટ-અપ્સે નિષ્ણાત જ્યુરી સમક્ષ બેંકેબલ, દ્વિ-ઉપયોગી ઉકેલો રજૂ કર્યા હતા. જ્યુરીમાં NISE, NIBE, વેન્ચર કેપિટલિસ્ટ્સ અને ઉદ્યોગના અગ્રણીઓ સામેલ હતા. ફાનહોફર ISE અને સનસીડ APVએ અદ્યતન સોલર ટ્રેકિંગ, ડાયનેમિક પેનલ ટિલ્ટિંગ, સેમી-ટ્રાન્સપરન્ટ ફોટોવોલ્ટેઇક (PV) મોડ્યુલ્સ અને ઉષ્ણકટિબંધીય તથા શુષ્ક પરિસ્થિતિઓ માટેના માઇક્રો-ક્લાઇમેટ સોઇલ સેન્સર્સ પ્રદર્શિત કર્યા હતા.

ઇન્ડો-જર્મન ચેમ્બર ઓફ કોમર્સના સંવાદમાં NTPC ગ્રીન એનર્જી, ફર્સ્ટ સોલર અને યુરોપીયન કંપનીઓ સહિતના ડેવલપર્સે સપ્લાય ચેઇનના સ્થાનિકીકરણ, ધોરણો અને બજારની નિશ્ચિતતા અંગે ચર્ચા કરી હતી. એક્ઝિક્યુટિવ રાઉન્ડટેબલમાં વિશ્વ બેંક, KfW, યુરોપિયન ઇન્વેસ્ટમેન્ટ બેંક અને IREDA સહિતની સંસ્થાઓના પ્રતિનિધિઓએ જોખમ ઘટાડવાનાં સાધનો, રાહત દરે ધિરાણ અને મોટા પાયે ખાનગી રોકાણ માટે બ્લેન્ડેડ ફાઇનાન્સ માળખાંની ચર્ચા કરી હતી.

અભિનેત્રી અને UNDP ઇન્ડિયા યુથ ચેમ્પિયન સંજના સાંઘીએ ફાયરસાઇડ ચેટમાં યુવાનોના નેતૃત્વવાળી સમુદાય વ્યૂહરચનાઓ તથા ખાદ્ય સુરક્ષા, અક્ષય ઊર્જા અને યુવાનોના એકત્રીકરણ વચ્ચેના સંબંધ પર ભાર મૂક્યો હતો. એગ્રીવોલ્ટેઇક્સ યુએન ટકાઉ વિકાસ લક્ષ્યોમાં યોગદાન આપવાની સાથે ગ્રામીણ યુવાનોને સશક્ત કરી આજીવિકા સુરક્ષિત કરી શકે તેમ તેમણે જણાવ્યું હતું. દિવસનો અંત ઇન્ટરેક્ટિવ ડિજિટલ પોસ્ટર ગેલેરીથી થયો, જેમાં કાર્યરત પ્રોજેક્ટ્સ અને વૈશ્વિક કેસ સ્ટડીઝમાંથી મળેલા પાઠ રજૂ કરાયા હતા.

દ્વિપક્ષીય સંબંધો

ભારત-પોલેન્ડે વ્યૂહાત્મક ભાગીદારી ગાઢ કરવાના નિર્ણયો કર્યા

સંરક્ષણ, અવકાશ, પરમાણુ ઊર્જા અને સ્ટાર્ટ-અપ ક્ષેત્રે સહકાર વધારવા સંમતિ

પ્રધાનમંત્રીએ પોલેન્ડના પ્રધાનમંત્રી સાથેની બેઠક બાદ જણાવ્યું કે બંને દેશોએ વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત કરવા મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. ૨૦૨૪માં તેમની પોલેન્ડ મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે ઉન્નત કરાયા હતા અને છેલ્લા ૨ વર્ષમાં ભાગીદારીને નવી ગતિ મળી છે.

તેમણે ભારત અને પોલેન્ડની મિત્રતાને રાજદ્વારી સંબંધોથી આગળ માનવતા અને કરુણાના સહિયારા વારસા સાથે જોડેલી ગણાવી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જામનગર અને કોલ્હાપુરના રાજવી પરિવારોએ હજારો પોલિશ બાળકો અને પરિવારોને ભારતમાં આશરો આપ્યો હતો. પોલેન્ડના લોકો આજે પણ 'જામ સાહેબ'ને 'દોબ્રી મહારાજા' તરીકે યાદ કરે છે. ૨૦૨૨માં યુક્રેનથી ભારતીય વિદ્યાર્થીઓને સુરક્ષિત પરત લાવવામાં પોલેન્ડે મદદ કરી હતી. 'જામ સાહેબ યુથ એક્સચેન્જ પ્રોગ્રામ' દ્વારા પોલિશ યુવાનો ભારતની મુલાકાત લઈ રહ્યા છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે ગયા વર્ષે પોલેન્ડનું જીડીપી એક ટ્રિલિયન ડોલરના ઐતિહાસિક સ્તરે પહોંચ્યું હતું, જ્યારે ભારતે છેલ્લા ત્રિમાસિક ગાળામાં ૭.૮%નો વિકાસ દર નોંધાવ્યો હતો. ભારત-યુરોપિયન યુનિયન મુક્ત વેપાર કરાર અમલમાં આવ્યા બાદ મશીનરી, રસાયણો, પ્લાસ્ટિક અને એન્જિનિયરિંગ સામાનની ભારતથી પોલેન્ડમાં નિકાસ માટે નવા માર્ગો ખૂલશે. રેલવે અને ગતિશીલતા, અદ્યતન ઉત્પાદન, ખાદ્ય પ્રક્રિયા અને બાયોટેકનોલોજીમાં પોલેન્ડના રોકાણની પણ આશા વ્યક્ત કરાઈ.

પોલેન્ડના પ્રધાનમંત્રી મોટા વ્યાપારી પ્રતિનિધિમંડળ સાથે ભારત આવ્યા છે. બંને દેશોની કંપનીઓ વિશ્વસનીય વૈશ્વિક સપ્લાય ચેઇન વિકસાવવા સહયોગ કરશે અને ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપાર બમણો કરવાના સહિયારા લક્ષ્ય તરફ કામ કરશે, એમ જણાવાયું.

બંને દેશો સંરક્ષણ, અવકાશ અને પરમાણુ ઊર્જામાં સહયોગ ગાઢ કરવા સંમત થયા છે. આ વ્યૂહાત્મક ક્ષેત્રોમાં સાથે મળીને વિકાસ અને ઉત્પાદન કરવા પોલિશ કંપનીઓને આમંત્રણ અપાયું છે. મહત્વપૂર્ણ ખનિજો અને કોલસાને ગેસમાં રૂપાંતરિત કરવાના ક્ષેત્રમાં પોલેન્ડની નિપુણતાનો લાભ લઈને નવી ભાગીદારી સ્થાપવાની પણ વાત થઈ.

આઈટી અને સાયબર સુરક્ષામાં સહયોગ આગળ વધારવા 'ભારત-પોલેન્ડ સ્ટાર્ટ-અપ બ્રિજ' સ્થાપવા બંને પક્ષ સંમત થયા છે. બંને દેશોના યુવાનો માટે ટેક્નોલોજી હેકાથોન યોજાશે. એઆઈ, સાયબર સુરક્ષા, ફિનટેક અને અન્ય ઉભરતી ટેક્નોલોજીમાં સહકાર વધારવાની સાથે યુવાનો માટે નવી તકો સર્જવાનો આશય છે.

સંસ્કૃતિ, શિક્ષણ, રમતગમત અને પ્રવાસનમાં સહકાર મજબૂત કરવા પણ નિર્ણય લેવાયો છે. ક્રાકોવ શહેરમાં ભારતીય અભ્યાસ અધ્યક્ષ સ્થાપવામાં આવ્યો છે; પોલેન્ડમાં સંસ્કૃત અભ્યાસ અને ભારતવિદ્યાની સમૃદ્ધ પરંપરા છે.

પ્રાદેશિક અને વૈશ્વિક ઘટનાક્રમોની ચર્ચામાં બંને દેશોએ લોકશાહી મૂલ્યો અને કાયદાના શાસન પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. વૈશ્વિક શાસન સંસ્થાઓને વધુ મજબૂત અને અસરકારક બનાવવા સુધારા અનિવાર્ય હોવાનું પ્રધાનમંત્રીએ જણાવ્યું. યુક્રેન હોય કે પશ્ચિમ એશિયા, ભારત શાંતિ માટેના દરેક સાર્થક પ્રયાસને સમર્થન આપતું રહેશે.

પ્રધાનમંત્રી ૨૩ ઓક્ટોબરે ચિન્મય અમૃત મહોત્સવ વૈશ્વિક સંમેલનનું ઉદ્ઘાટન કરશે

ત્રણ દિવસના સંમેલનમાં ભારત અને વિદેશના ૯,૦૦૦થી વધુ સહભાગીઓ જોડાશે

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે ૧૧ વાગ્યે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ચિન્મય અમૃત મહોત્સવ વૈશ્વિક સંમેલનનું ઉદ્ઘાટન કરશે અને ઉપસ્થિત જનમેદનીને સંબોધિત કરશે.

૨૩થી ૨૫ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન યોજાનારા સંમેલનમાં ભારત અને વિદેશમાંથી ૯,૦૦૦થી વધુ સહભાગીઓ જોડાશે. ચિન્મય મિશનનાં ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે વર્ષભર ચાલેલી ઉજવણીનો આ સમાપન કાર્યક્રમ છે. વેદાંત અને ભગવદ્ ગીતાનું જ્ઞાન પહોંચાડવા સ્વામી ચિન્મયાનંદે ૧૯૫૧માં મિશનની સ્થાપના કરી હતી. મિશન આધ્યાત્મિક શિક્ષણ, સાંસ્કૃતિક જાળવણી, યુવા સશક્તિકરણ અને સમુદાય સેવામાં કાર્યરત છે.

ઉજવણી દરમિયાન ત્રિપુરામાં મા સૌંદર્ય ચિન્મયી મંદિરની પ્રાણપ્રતિષ્ઠા અને 'ચિન્મય ગીતા સમર્પણમ' યોજાયાં હતાં. તેમાં વિશ્વભરના ૧ લાખથી વધુ લોકોએ ભગવદ્ ગીતાના ૧૫મા અધ્યાયનો ઓનલાઈન પાઠ કર્યો હતો. ચિન્મય યુવા કેન્દ્રના ૧૫ સભ્યોએ 'ચિન્મય અમૃત યાત્રા'માં સમગ્ર દેશમાં ૪૦,૦૦૦ કિલોમીટરથી વધુ પ્રવાસ કર્યો હતો.

રસોડાનો કચરો ખાતર બનાવો

ઘરઆંગણે સરળ પર્યાવરણમૈત્રી રીત

રસોડામાંથી નીકળતી શાકભાજીની છાલ, ફળોના અવશેષ અને ચાની ભૂકીનો ઉપયોગ ઘરેલું ખાતર બનાવવા થઈ શકે છે. આ કચરો સૂકા પાંદડા કે કાગળના ટુકડા સાથે હવા પસાર થાય એવા ઢાંકણવાળા ડબ્બામાં રાખો. ભેજ બહુ વધારે ન રહે તે જુઓ; ભીનું જણાય તો સૂકો પદાર્થ ઉમેરો. માંસ, દૂધજન્ય વસ્તુઓ અને તેલિયું ખાવાનું ન નાખવાથી દુર્ગંધ અને જીવાતની શક્યતા ઘટે છે. ડબ્બાને છાંયડામાં રાખી સમયાંતરે સામગ્રી હલાવો. તૈયાર ખાતરનો ઉપયોગ કુંડાના છોડની માટીમાં મર્યાદિત પ્રમાણમાં કરી શકાય છે.

રેલવેએ ઓક્ટોબર ૨૦૨૬માં કોલસા લોડિંગનો સર્વોચ્ચ રેકોર્ડ બનાવ્યો

૧૮ ઓક્ટોબર સુધી લોડિંગમાં ૨૨.૫% વૃદ્ધિ; ઓક્ટોબર ૨૦૨૫ કરતાં દૈનિક ૮૭ રેક વધુ રવાના

ભારતીય રેલવેએ ૧૮ ઓક્ટોબર સુધી ઓક્ટોબર ૨૦૨૬માં કોલસા લોડિંગમાં અત્યાર સુધીનો સર્વોચ્ચ રેકોર્ડ બનાવ્યો છે. ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં લોડિંગ ૨૨.૫% વધ્યું અને ઓક્ટોબર ૨૦૨૫ કરતાં પ્રતિદિન ૮૭ વધુ કોલસા રેક રવાના કરવામાં આવ્યા.

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ છ મહિનામાં થર્મલ પાવર પ્લાન્ટ્સ માટે પ્રતિદિન સરેરાશ ૪૩૦ કોલસા રેક રવાના થયા, જે ગયા વર્ષ કરતાં ૭.૧% વધુ છે. સપ્ટેમ્બર ૨૦૨૬માં પણ સપ્ટેમ્બર ૨૦૨૫ની સરખામણીમાં દૈનિક રેક રવાના કરવાની ગતિ ૧૪% વધી હતી.

ઔદ્યોગિક ઉત્પાદન અને ઊર્જા વપરાશમાં વધારો તથા ઓછા વરસાદને કારણે કોલસા આધારિત વીજ ઉત્પાદનની માંગ વધી છે. કોલસાનો સ્થિર પુરવઠો અને થર્મલ પાવર પ્લાન્ટ્સમાં પૂરતો સ્ટોક જળવાય તે માટે રેલવે કોલસા અને ઊર્જા મંત્રાલય સાથે સમન્વય કરી રહી છે.

કાશી તમિલ સંગમમ ૫.૦ માટે પ્રહલાદ જોશીએ નોંધણી પોર્ટલ લોન્ચ કર્યું

કાર્યક્રમ ૨૮ નવેમ્બરથી ૧૨ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન તિરુક્કુરલની થીમ સાથે યોજાશે

કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીએ કાશી તમિલ સંગમમની પાંચમી આવૃત્તિ, KTS 5.0, માટે નોંધણી પોર્ટલ લોન્ચ કર્યું છે. આ કાર્યક્રમ ૨૮ નવેમ્બરથી ૧૨ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન 'તિરુક્કુરલ પયિલ્વોમ – તિરુક્કુરલ અભ્યાસ કરેં' થીમ સાથે યોજાશે.

તમિલનાડુના આશરે ૧,૪૦૦ સહભાગીઓ સાત જૂથોમાં આઠ દિવસની યાત્રા કરશે. કાર્યક્રમમાં વારાણસી, પ્રયાગરાજ અને અયોધ્યાનો સમાવેશ છે. https://kashitamil.iitm.ac.in/ પર ૨૨ ઓક્ટોબર, ૨૦૨૬થી ૧૩ નવેમ્બર, ૨૦૨૬ સુધી નોંધણી કરી શકાશે.

મતદાન આપણો અધિકાર આપણી ફરજ



વન વિભાગ દ્વારા વર્ષ 2026-27 માટે
Nature Education Camp (NEC)
માટે અરજીઓ સ્વીકારવામાં આવી રહી છે
(રાજ્યની તમામ બોર્ડની શાળાઓના વિદ્યાર્થીઓ કેમ્પ માટે અરજી કરી શકાશે)

શિબિરની વિશેષતાઓ:
શિબિર દીઠ 50 વિદ્યાર્થીઓ (ધો. 6 થી ધો. 10)
2 દિવસ - 1 રાત્રિની પ્રકૃતિ શિક્ષણ શિબિર
સંપૂર્ણપણે નિઃશુલ્ક

નોંધ: શાળાએ વિદ્યાર્થીઓને NEC સુધી લાવવા અને પરત લઈ જવાની વ્યવસ્થા સ્વખર્ચે કરવાની રહેશે તેમજ વન વિભાગના તમામ નિયમો અને શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.


વધુ માહિતી માટે હેલ્પલાઈન નંબર 1926 પર સંપર્ક કરવો

પ્રવીણ જી. માળી



ભાવભીનું આમંત્રણ
ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી
અને
મહેશ્વરી લકઝુરિયા

ઉદ્ઘાટન સમારંભ



12-13 AUGUST 2026
બુધવાર, ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ / સમય: સવારે ૧૦:૦૦ કલાકે
સ્થળ: મહેશ્વરી લકઝરિયા, આઈ માતા રોડ, ડી. આર. વર્લ્ડ પાસે, પર્વત પાટિયા, સુરત

મુખ્ય અતિથિ
શ્રી પ્રવીણભાઈ ઘોઘારી
માનનીય ધારાસભ્યશ્રી, કરંજ વિધાનસભા, સુરત

અતિથિ વિશેષ
ડૉ. અંકિતા મુલાણી
National Youth Transformational Speaker
શ્રી શ્યામજી રાઠી મહેશ્વરી
માનનીય પ્રમુખ, મહેશ્વરી સમાજ

અશોક જીરાવાલા
પ્રમુખ

ભોપાલ કોન્ક્લેવમાં આંતરદેશિય મત્સ્યોદ્યોગના રોકાણ અને નિકાસ પર ભાર

કોન્ક્લેવમાં ૧,૦૦૦થી વધુ મત્સ્ય પાલકો જોડાશે; મધ્યપ્રદેશની રોકાણ અને નિકાસ માર્ગદર્શિકા જાહેર થશે

મધ્યપ્રદેશ સરકારના મત્સ્યોદ્યોગ વિભાગ અને ભારત સરકારના મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયના મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા ૨૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ભોપાલમાં 'ફિશરીઝ ઇન્વેસ્ટર્સ એન્ડ એક્સપોર્ટર્સ કોન્ક્લેવ ૨૦૨૬' યોજાશે. કોન્ક્લેવનો હેતુ આંતરદેશિય મત્સ્ય ઉત્પાદનને રોકાણ, પ્રક્રિયા, કોલ્ડ-ચેઈન માળખાકીય સુવિધા, મૂલ્યવર્ધન અને નિકાસ બજારો સાથે જોડવાનો છે. ઉત્પાદન-કેન્દ્રિત અભિગમથી એકીકૃત મૂલ્ય-શૃંખલા મોડલ તરફ વળીને માછીમારો અને મત્સ્ય પાલકો માટે બજાર પહોંચ તથા વળતર સુધારવા પર પણ ધ્યાન અપાશે.

કોન્ક્લેવમાં રોકાણકારો, નિકાસકારો, માછીમારો, મધ્યપ્રદેશના વિવિધ ભાગોમાંથી ૧,૦૦૦થી વધુ મત્સ્ય પાલકો, સહકારી મંડળીઓ, ફિશ ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન્સ (FFPOs), સાહસિકો, સ્ટાર્ટ-અપ્સ, પ્રોસેસર્સ, નાણાકીય સંસ્થાઓ, સંશોધન સંસ્થાઓ અને અન્ય હિતધારકો ભાગ લેશે. આંતરદેશિય રાજ્યોને મત્સ્યોદ્યોગ રોકાણ અને નિકાસ તંત્ર સાથે જોડવા ઉપરાંત, મૂલ્ય-શૃંખલામાં સાહસ વિકાસ, નાણાકીય સહાય, બજાર જોડાણો અને સહયોગની તકો અંગે ચર્ચા થશે.

કોન્ક્લેવમાં 'મધ્યપ્રદેશ ફિશરીઝ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ એક્સપોર્ટ ગાઇડલાઇન્સ, ૨૦૨૬'નું વિમોચન થશે. કેન્દ્રએ મધ્યપ્રદેશને 'જળાશય મત્સ્યોદ્યોગ ક્લસ્ટર' તરીકે અધિસૂચિત કર્યું છે. માર્ગદર્શિકાનો હેતુ હેચરી, મત્સ્ય બીજ અને ખોરાક, જળાશય તથા કેજ ફિશરીઝ, જળચર પ્રાણી આરોગ્ય, પ્રક્રિયા, કોલ્ડ-ચેઈન માળખું, લોજિસ્ટિક્સ, મૂલ્યવર્ધન અને બજાર વિકાસ સહિતના ક્ષેત્રોમાં રોકાણ સુગમ કરવાનો છે.

કાર્યક્રમમાં આંતરદેશિય રાજ્યોની નિકાસ ક્ષમતા અંગેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર્સનું વિમોચન અને ઇન્ટિગ્રેટેડ કેજ કલ્ચર યુનિટ્સનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન પણ થશે. કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી તથા પંચાયતી રાજ મંત્રી રાજીવ રંજન સિંહ મધ્યપ્રદેશમાં જળાશયો અને અમૃત સરોવરોના સંકલિત વિકાસ માટેની વહીવટી મંજૂરી સુપ્રત કરશે.

૨૦૨૪-૨૫માં ભારતનું મત્સ્ય ઉત્પાદન ૧૯૭.૭૫ લાખ ટન હતું, જેમાં આંતરદેશિય મત્સ્યોદ્યોગનો હિસ્સો ૧૫૧.૬૦ લાખ ટન હતો—દેશના કુલ ઉત્પાદનનો લગભગ પોણો ભાગ. ૨૦૨૫-૨૬માં ભારતની સીફૂડ નિકાસનું મૂલ્ય રૂ.૭૩,૮૯૦ કરોડ રહ્યું હતું. મધ્યપ્રદેશ પાસે લગભગ ૪.૫૦ લાખ હેક્ટર જળ વિસ્તાર છે. કોન્ક્લેવ રાજ્યના ઉત્પાદન આધારને રોકાણ, પ્રક્રિયા, મૂલ્યવર્ધન અને સ્થાનિક તથા નિકાસ બજારો સાથે જોડવાનો પ્રયાસ કરશે.

કોન્ક્લેવમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો. મોહન યાદવ; કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી તથા પંચાયતી રાજ મંત્રી રાજીવ રંજન સિંહ ઉર્ફે લલન સિંહ; કેન્દ્રીય રાજ્ય મંત્રી પ્રો. એસ. પી. સિંહ બઘેલ; અને મધ્યપ્રદેશ સરકારના મત્સ્યપાલક કલ્યાણ અને મત્સ્યોદ્યોગ વિકાસ વિભાગના મંત્રી નારાયણ સિંહ પવાર ઉપસ્થિત રહેશે. આયોજકોના જણાવ્યા મુજબ, ચર્ચા અને રોકાણ દ્વારા સ્પર્ધાત્મક, બજાર-કેન્દ્રિત મૂલ્ય-શૃંખલાને પ્રોત્સાહન આપી સાહસો, નિકાસકારો, માછીમારો અને મત્સ્ય પાલકો માટેની તકો મજબૂત કરવાનો પ્રયાસ થશે.

કૌશલ્ય તાલીમ અને રોજગાર

પીએમ-દક્ષમાં અત્યાર સુધી ૩૦૯.૫ કરોડનો ખર્ચ, ૯૬,૧૬૨ને રોજગાર

૨૦૨૦-૨૧થી ૨૦૨૩-૨૪ દરમિયાન ૧,૮૭,૩૦૫ ઉમેદવારોએ તાલીમ મેળવી; ૯૬,૧૬૨ને રોજગાર મળ્યો

પ્રધાનમંત્રી દક્ષતા અને કુશલતા સંપન્ન હિતગ્રાહી (PM-DAKSH) યોજના વર્ષ ૨૦૨૦-૨૧માં કેન્દ્રીય ક્ષેત્રની યોજના તરીકે શરૂ થઈ હતી. અનુસૂચિત જાતિ (SC), અન્ય પછાત વર્ગ (OBC), આર્થિક રીતે નબળા વર્ગ (EWS), વિમુક્ત અને વિચરતી જાતિઓ (DNTs) તથા કચરો વીણનારાઓ સહિત સફાઈ કર્મચારીઓના સામાજિક-આર્થિક ઉત્થાન માટે સ્વ-રોજગાર અને વેતન-રોજગારને પ્રોત્સાહન આપતી કૌશલ્ય તાલીમ આ યોજના હેઠળ આપવામાં આવે છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (DoSJE)ના ત્રણ નિગમો—નેશનલ શેડ્યૂલ્ડ કાસ્ટ્સ ફાઇનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSFDC), નેશનલ બેકવર્ડ ક્લાસીસ ફાઇનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NBCFDC) અને નેશનલ સફાઈ કર્મચારી ફાઇનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSKFDC)—યોજનાનો અમલ કરે છે. DoSJE નિગમોને ભંડોળ આપે છે અને નિગમો કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય (MSDE)ની પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (PMKVY) હેઠળ પેનલબદ્ધ સંસ્થાઓને માર્ગદર્શિકા અને વર્ક ઓર્ડર મુજબ તાલીમ ખર્ચ ચૂકવે છે.

તાલીમ પૂર્ણ થયા પછી સંસ્થાઓએ તાલીમાર્થીઓમાંથી ઓછામાં ઓછા ૭૦%ને વેતન-રોજગાર અને/અથવા સ્વ-રોજગાર આપવો જરૂરી છે. તેમ કરવામાં નિષ્ફળતા બદલ ત્રીજો હપ્તો—તાલીમ ખર્ચના ૩૦% જેટલી રકમ—જપ્ત થાય છે. રોજગારની તકો ઊભી કરવા તાલીમ સંસ્થાઓએ સંબંધિત ઉદ્યોગો સાથે સહયોગ રાખવો પણ ફરજિયાત છે. ત્રણેય નિગમો લક્ષિત જૂથના પાત્ર યુવાનોને પ્રોજેક્ટ સ્થાપવા માર્ગદર્શન, લોન સુવિધા અને સહાય આપે છે.

વર્ષ ૨૦૨૦-૨૧થી ૨૦૨૩-૨૦૨૪ દરમિયાન PM-DAKSH માટે કુલ રૂ. ૨૭૬.૪૭ કરોડ ફાળવાયા હતા, જ્યારે અત્યાર સુધીમાં રૂ. ૩૦૯.૫ કરોડનો વાસ્તવિક ખર્ચ થયો છે. વર્ષ ૨૦૨૦-૨૧થી ૨૦૨૩-૨૪ દરમિયાન યોજનામાં ૧,૮૭,૩૦૫ ઉમેદવારોએ તાલીમ મેળવી અને ૯૬,૧૬૨ ઉમેદવારોને રોજગાર મળ્યો.

યોજનાના મૂલ્યાંકન અભ્યાસમાં તેની પ્રાસંગિકતા અને શીખવાની અસરકારકતા મજબૂત હોવાનું જણાયું. ૯૦%થી વધુ લાભાર્થીઓએ તાલીમને કારકિર્દીના લક્ષ્યો, સ્થાનિક શ્રમબજારની જરૂરિયાતો અને ઇચ્છિત તાલીમ પરિણામો સાથે યોગ્ય રીતે જોડાયેલી ગણાવી. ખાસ કરીને મહિલાઓ અને સીમાંત જૂથોમાં આત્મવિશ્વાસ, આત્મસન્માન અને સામાજિક માન્યતામાં સુધારા જેવા બિન-ભૌતિક લાભો નોંધાયા. મોટાભાગના લાભાર્થીઓ કૌશલ્યોનો ઉપયોગ ચાલુ રાખે છે, લાંબા ગાળાની આવક વૃદ્ધિની અપેક્ષા રાખે છે અને સુધારાઓ સ્વતંત્ર રીતે જાળવી શકતા હોવાનું માને છે.

વર્ષ ૨૦૨૪-૨૫થી PM-DAKSHને MSDEની PMKVY યોજના સાથે ભેળવવાનો નિર્ણય લેવાયો. PM-DAKSH પૂરક યોજના હતી અને તેમાં કૌશલ્ય તાલીમ માટેના તમામ જોબ રોલ્સ PMKVY હેઠળ પણ આવરી લેવાતા હતા તથા સ્કિલ ઇન્ડિયા ડિજિટલ હબ (SIDH) પોર્ટલ પરથી લેવામાં આવતા હતા. પુનરાવર્તન ટાળવા PM-DAKSHને PMKVY હેઠળ સમાવાઈ છે.

ઉપરાષ્ટ્રપતિએ જૂના કાયદા રદ કરી કાયદાકીય સુધારાનું આહ્વાન કર્યું

નવી દિલ્હીની પરિષદમાં કેન્દ્ર-રાજ્ય સહકાર અને અપ્રસ્તુત કાયદાઓની સમીક્ષા પર ભાર મૂક્યો

ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી સી. પી. રાધાકૃષ્ણને વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે ભારતના વિધિ પંચ દ્વારા આયોજિત 'સહકારી સંઘવાદ અને કાયદાકીય સુધારાઃ રાષ્ટ્રીય અને રાજ્ય પરિપ્રેક્ષ્ય' પરિષદનું ઉદ્ઘાટન કર્યું હતું.

સભાને સંબોધતાં તેમણે 'ટીમ ઇન્ડિયા'ની ભાવના સાથે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વધુ પરામર્શ, સંકલન અને સહિયારી જવાબદારીનું આહ્વાન કર્યું હતું. વ્યાપક જાહેર હિતમાં સાથે મળીને કામ કરવામાં રાજકીય મતભેદો આડે આવવા જોઈએ નહીં, એમ તેમણે જણાવ્યું હતું.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું હતું કે ભારતની તાકાત વિવિધતામાં એકતામાં છે. બંધારણ સંઘની તાકાતને રાજ્યોની જવાબદારીઓ અને વાજબી સ્વાયત્તતા સાથે સંતુલિત કરે છે. વિવિધતાનો આદર કરીને સમાન રાષ્ટ્રીય ઉદ્દેશ્યો તરફ કામ કરવામાં ભારતીય સંઘવાદની સાચી તાકાત રહેલી છે.

વિકસિત ભારત જ૨૦૪૭ માટે મજબૂત કાયદા, પારદર્શક સંસ્થાઓ, કાર્યક્ષમ વહીવટ અને સૌ માટે ન્યાય જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું. છેલ્લા ૧૨ વર્ષમાં ગુલામીના યુગના ૩ ગુનાહિત કાયદાઓ બદલવા અને ૧,૭૦૦થી વધુ જૂના અપ્રસ્તુત કાયદાઓ રદ કરવાને તેમણે કાયદાકીય માળખાના આધુનિકીકરણ તરફનું મોટું પગલું ગણાવ્યું હતું. જીવનની સરળતા અને કાર્યક્ષમ સુશાસન માટે જૂના કાયદાઓ ઓળખી તેમાં સુધારા કરવા અથવા રદ કરવાની ભલામણ કરવા તેમણે રાજ્યના વિધિ પંચોને આગ્રહ કર્યો હતો.

કાયદાકીય સુધારામાં સહકારી સંઘવાદનો અર્થ દરેક બાબતમાં એકરૂપતા નથી, એમ જણાવી તેમણે કહ્યું હતું કે બંધારણીય જવાબદારીઓ જ્યાં એકરૂપ થાય ત્યાં કેન્દ્ર અને રાજ્યોએ સાથે કામ કરવું જોઈએ, જ્યારે રાજ્યોની વિશિષ્ટ જરૂરિયાતો માટે યોગ્ય જગ્યા જાળવવી જોઈએ. ભારતના વિધિ પંચ, રાજ્ય વિધિ પંચો અને રાજ્યના કાયદા વિભાગો વચ્ચે આંતર-રાજ્ય પરામર્શ, ઉત્કૃષ્ટ પદ્ધતિઓના આદાનપ્રદાન અને જૂના કાયદાઓની પદ્ધતિસરની સમીક્ષા દ્વારા મજબૂત સંકલનનું તેમણે આહ્વાન કર્યું હતું.

સંસદમાં સ્થાપિત સેંગોલનો ઉલ્લેખ કરતાં તેમણે સુશાસન અને કાયદાના શાસન અંગે તમિલ સંત-કવિ તિરુવલ્લુવરના જ્ઞાનને યાદ કર્યું હતું. સત્તાના ઉપયોગ કરતાં સુશાસન કાયમી સફળતા અને સમૃદ્ધિનો પાયો છે, એમ તેમણે જણાવ્યું હતું. પરિષદ નાગરિક-કેન્દ્રી કાયદાકીય માળખા માટે નક્કર અને અમલયોગ્ય ભલામણો રજૂ કરશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે કેન્દ્રીય કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી (સ્વતંત્ર પ્રભારી) શ્રી અર્જુન રામ મેઘવાલ, ભારતના વિધિ પંચના અધ્યક્ષ જસ્ટિસ દિનેશ માહેશ્વરી, સભ્ય સચિવ ડો. અંજુ રાઠી રાણા અને સભ્ય પ્રો. ડી. પી. વર્મા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

એશિયન પેરા ગેમ્સ

મોદીએ પેરા ગેમ્સના મેડલવિજેતાઓને અભિનંદન પાઠવ્યા

શીતલ દેવીના બે ગોલ્ડ સહિત ભારતના ખેલાડીઓએ વિવિધ સ્પર્ધાઓમાં મેડલ જીત્યા

સ્વાતિ ચૌધરીએ ડેબ્યૂમાં જ જીત્યો ઐતિહાસિક સિલ્વર

મહિલાઓની W1 તીરંદાજીમાં એશિયન પેરા ગેમ્સમાં ભારતનો આ પ્રથમ મેડલ; પ્રધાનમંત્રીએ અભિનંદન પાઠવ્યાં

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એશિયન પેરા ગેમ્સમાં મહિલાઓની W1 તીરંદાજીમાં સિલ્વર મેડલ જીતીને ઇતિહાસ રચવા બદલ સ્વાતિ ચૌધરીને અભિનંદન પાઠવ્યાં છે. પોતાના પ્રથમ દેખાવમાં જ મેડલ જીતવાની તેમની સિદ્ધિ આ સ્પર્ધામાં ભારત માટે વિશેષ બની છે. મહિલાઓની W1 તીરંદાજીમાં એશિયન પેરા ગેમ્સમાં ભારતનો આ અત્યાર સુધીનો સૌપ્રથમ મેડલ છે.

પ્રધાનમંત્રીએ આ સિદ્ધિને ભારતીય પેરા તીરંદાજી માટે ખૂબ જ ખાસ ગણાવી હતી. તેમણે સ્વાતિના દ્રઢ સંકલ્પને પ્રશંસનીય ગણાવ્યો હતો અને તેઓ દેશને ગૌરવાન્વિત કરવાનું ચાલુ રાખે તેવી આશા વ્યક્ત કરી હતી.

પ્રધાનમંત્રી કાર્યાલયે X પરની પોસ્ટમાં સ્વાતિની જીતને ભારતીય પેરા તીરંદાજી માટેની ખાસ સિદ્ધિ ગણાવી હતી. પોસ્ટમાં જણાવાયું હતું કે સ્વાતિએ પોતાના પ્રથમ ડેબ્યૂમાં જ સિલ્વર મેડલ જીતીને એશિયન પેરા ગેમ્સની મહિલાઓની W1 તીરંદાજીમાં ભારતનો પ્રથમ મેડલ મેળવ્યો છે. આ જીતથી તેમણે ઇતિહાસ રચ્યો હોવાનું પણ પોસ્ટમાં નોંધાયું હતું.

પોસ્ટમાં પ્રધાનમંત્રીના સંદેશ અનુસાર, સ્વાતિનો દ્રઢ સંકલ્પ ખરેખર પ્રશંસનીય છે. તેમણે સ્વાતિ દેશને ગૌરવાન્વિત કરવાનું ચાલુ રાખે તેવી શુભેચ્છા પાઠવી હતી. સ્વાતિએ ડેબ્યૂમાં સિલ્વર મેડલ જીત્યો હોવાની બાબત અને આ વર્ગમાં ભારતનો પ્રથમ મેડલ હોવાની સિદ્ધિએ આ પરિણામને ખાસ બનાવ્યું છે.

દરિયાઈ ભાગીદારી

ભારતીય નૌસેનાનું પ્રથમ પ્રશિક્ષણ સ્કવોડ્રન માલદીવ પહોંચ્યું

આઈએનએસ તીર, સુજાતા અને સારથી જહાજોનું માલે ખાતે માલદીવ રક્ષા દળ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત



નવી દિલ્હી::

ભારતીય નૌસેનાના પ્રથમ પ્રશિક્ષણ સ્કવોડ્રનનાં જહાજો આઈએનએસ તીર, આઈએનએસ સુજાતા અને ભારતીય તટરક્ષક દળનું જહાજ સારથી લાંબા અંતરની તાલીમ તહેનાતી અંતર્ગત ૨૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ માલદીવની રાજધાની માલે પહોંચ્યાં. માલદીવ રાષ્ટ્રીય રક્ષા દળે તેમનું સ્વાગત કર્યું.

બંદર રોકાણ દરમિયાન સ્કવોડ્રનના વરિષ્ઠ અધિકારીએ માલદીવના રક્ષા પ્રમુખ અને તટરક્ષક દળના કમાન્ડન્ટ સાથે દરિયાઈ સહયોગ અંગે ચર્ચા કરી હતી. તેમણે ભારતના ઉચ્ચાયુક્ત શ્રી જી. બાલાસુબ્રમણ્યમ સાથે પણ મુલાકાત કરી. સ્કવોડ્રનના તાલીમાર્થીઓએ ગિરિકુશી પ્રશિક્ષણ કેન્દ્રની મુલાકાત લીધી.

મુલાકાત દરમિયાન બંને દેશોના સૈન્યો વચ્ચે જહાજોની મુલાકાત, રમતગમત અને સામાજિક પ્રવૃત્તિઓ યોજાશે. આ પ્રવાસ દરિયાઈ સહયોગ, પરિચાલન તાલમેલ અને પરસ્પર સમજ વધારવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

રક્તદાન
મહાદાન
ચક્ષુદાન
શ્રેષ્ઠદાન

પ્રદૂષણ સામે કડક કાર્યવાહી

દિલ્હી-એનસીઆરમાં વાયુ પ્રદૂષણ રોકવા NHAI સજ્જઃ ૬૦ સ્પ્રિંકલર અને ૧૪ એન્ટી-સ્મોગ ગન તૈનાત

રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ૯૦૦થી વધુ શ્રમિકો અને ૨૩ સ્વીપિંગ મશીન કામે લગાડાયા, ૯.૮૦ લાખ વૃક્ષો વાવ્યા

નવી દિલ્હી:: શિયાળાના આગમન પૂર્વે દિલ્હી-એનસીઆરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને એક્સપ્રેસવે પર ધૂળ નિયંત્રણ માટે ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ (NHAI)એ આશરે ૬૦ વોટર સ્પ્રિંકલર અને ટેન્કર, ૧૪ એન્ટી-સ્મોગ ગન, ૨૩ મિકેનિકલ રોડ સ્વીપિંગ મશીન, બે ટ્રેક્ટર-માઉન્ટેડ બ્રૂમર અને ૯૦૦થી વધુ શ્રમિકો તૈનાત કર્યા છે. આ ઉપરાંત, દિલ્હી-એનસીઆરમાં ૧૫૭ કિલોમીટર લાંબા રાષ્ટ્રીય ધોરીમાર્ગના ભાગો પર ૧૩ મિકેનિકલ રોડ સ્વીપિંગ મશીન કાર્યરત છે.

NHAIના ટેકનિકલ સદસ્ય શ્રી આલોક દીપાંકરે પગલાંઓની સમીક્ષા કરી હતી. તેમણે સાધનો, શ્રમિકો અને પાણીના છંટકાવની સંપૂર્ણ તૈનાતી, એન્ટી-સ્મોગ ગનનું નિયમિત સંચાલન તથા દૈનિક સફાઈ સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યા. વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન પંચના ધોરણોનું પાલન કરવા, બાંધકામ સામગ્રી ઢાંકવા અને રસ્તાની સપાટી ધૂળમુક્ત રાખવા પણ જણાવ્યું. અધિકારીઓ દૈનિક કામગીરીની દેખરેખ રાખી, જિયો-ટેગવાળા ફોટા સાથે પ્રગતિ અહેવાલ રજૂ કરશે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૯.૫૨ લાખના લક્ષ્યાંક સામે આશરે ૯.૮૦ લાખ છોડ વાવવામાં આવ્યા છે, જેમાં ૯૦ ટકાથી વધુ છોડ જીવંત રહ્યા છે. દિલ્હીના લેન્ડફિલમાંથી આશરે ૧૩.૫૮ લાખ ટન અક્રિય સામગ્રીનો ઉપયોગ યુઇઆર-II અને ડીએનડી-સોહના કોરિડોરના તટબંધ માટે થયો છે.

સમીક્ષામાં અર્બન એક્સ્ટેંશન રોડ-II, દ્વારકા, ડીએનડી-સોહના અને દિલ્હી-દેહરાદૂન એક્સપ્રેસવે સહિતના પ્રોજેક્ટ્સની પ્રગતિ તથા ગ્રીન દિલ્હી એપ અને સોશિયલ મીડિયા પરની ફરિયાદોના ઝડપી નિકાલની પણ ચર્ચા થઈ હતી.



ચેન્નઈમાં એસઆરઆઈએચઆરનો દીક્ષાંત સમારોહ

વિશ્વ એઆઈ અને જીન-આધારિત સચોટ ચિકિત્સા યુગમાં, ભારત અગ્રેસરઃ ડૉ. જિતેન્દ્ર સિંહ

યુવાનોમાં જીવનશૈલી સંબંધિત બીમારીઓ રોકવી અને અદ્યતન તબીબી તકનીકો અપનાવવી અનિવાર્ય હોવાનું કેન્દ્રીય મંત્રીનું આહ્વાન

નવી દિલ્હી:: વિશ્વ એઆઈ-નિર્દેશિત અને જીન-આધારિત સચોટ ચિકિત્સાના યુગમાં પ્રવેશી રહ્યું છે અને ભારત અદ્યતન આરોગ્યસંભાળના અગ્રણી પ્રદાતાઓમાં ઊભરી રહ્યું છે, તેમ કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું. ચેન્નઈના શ્રી રામચંદ્ર ઉચ્ચ શિક્ષણ અને સંશોધન સંસ્થાના ૪૨મા દીક્ષાંત સમારોહમાં તેમણે કહ્યું કે ચિકિત્સાનું ભવિષ્ય ટેક્નોલોજી અને સચોટ નૈદાનિક નિર્ણયના સમન્વય પર નિર્ભર છે. યુવાનોમાં જીવનશૈલીજન્ય રોગોની રોકથામને તેમણે જરૂરી ગણાવી. ભારતની સ્વદેશી ડીએનએ રસી, જીન થેરાપી અને આરોગ્ય સંશોધનની પ્રગતિનો ઉલ્લેખ કરીને તેમણે સંસ્થાને રાષ્ટ્રીય સંશોધન પહેલોમાં જોડાવા આમંત્રણ આપ્યું.

સંવિધાન સદનના સેન્ટ્રલ હોલમાં ૨૬-૨૭ ઓક્ટોબરે ૧૨મું BRICS ફોરમ યોજાશે

જન-કેન્દ્રિત વિકાસ પર ચર્ચા માટે સભ્ય અને ભાગીદાર દેશોના સંસદીય નેતાઓ મળશે

ભારતીય સંસદ ૨૬ અને ૨૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સંવિધાન સદનના સેન્ટ્રલ હોલમાં ૧૨મા BRICS પાર્લામેન્ટરી ફોરમનું આયોજન કરશે. પરિષદનું ઉદ્ઘાટન ૨૬ ઓક્ટોબરે થશે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ સંસદ ભવન ખાતે પત્રકાર પરિષદમાં આ માહિતી આપી હતી.

ફોરમમાં BRICSના ૧૧ સભ્ય દેશો અને ૧૦ ભાગીદાર દેશોના સંસદીય પ્રતિનિધિમંડળો સહિત સંસદસભ્યો, મંત્રીઓ અને અન્ય મહાનુભાવો ભાગ લેશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હાજર રહેશે અને મુલાકાતી પ્રતિનિધિમંડળોના નેતાઓ સાથે સંવાદ કરશે.

"જન-કેન્દ્રિત વિકાસ માટે સંસદોને મજબૂત બનાવવી" વિષય હેઠળ સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહયોગ અને ટકાઉપણાં પર ચાર ઉચ્ચ સ્તરીય સત્રો યોજાશે. ચર્ચામાં સંસ્થાઓ, AI અને ડિજિટલ ટેકનોલોજી, વૈશ્વિક શાસન તથા ટકાઉ અને સમાવેશી વિકાસમાં સંસદોની ભૂમિકા આવરી લેવાશે.

આંતરરાષ્ટ્રીય બાબતોની સંસદીય સમિતિઓના અધ્યક્ષોની વિશેષ બેઠકમાં સંસદીય કૂટનીતિ, ક્ષમતા નિર્માણ અને ઉત્કૃષ્ટ પદ્ધતિઓના આદાનપ્રદાન પર ચર્ચા થશે. દ્વિપક્ષીય અને બહુપક્ષીય વાર્તાલાપ પણ યોજાશે. સંયુક્ત નિવેદનને આખરી ઓપ આપવા સચિવોની બેઠક ૨૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ મળશે. પરિષદ ૨૭ ઓક્ટોબરે પૂર્ણ થશે.



CADILA PHARMACEUTICALS LIMITED · Zydus · HONDA · IFFCO · વ્યવસાયિક સમાચાર

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : PARTH M. THAKKAR, PRINTED AT ANUGRAH COMPUTERS & PRINTERS, PLOT NO. 704/B/2, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR. PUBLISHED FROM : BLOCK NO. 32/4, GH TYPE, SECTOR-28, GANDHINAGAR [GUJARAT]-382 028.